હો ॥ મુખ બિધુ લાવન્ય અમૃત ઈક ટક, પીવત નાંહિ અધૈયે હો ॥૪॥ ચરન કમલકી નીસિદિન સેવા, અપનો હૃદય બસૌયે હો ॥ 'રસિક' કહે સંગનિસોં ભવો-ભવ, ઈનકે દાસ કહેયે હો ॥૫॥ 卐 卐 ૨૪ 卐 ધન્ય માધવ માસ કૃષ્ણ એકાદસી, ભટ્ટ લછમન ધામ પ્રકટ વલ્લભ ભયે । ધન્ય ચંપારન્ય ધન્ય ધરની સકલ, ધન્ય ઘટિકા પ્રહર ધન્ય અતિ પલ ભયે ॥૧॥ ધન્ય જસપુંજ પાવન કરન સૃષ્ટિકોં, પ્રગટ કરિ કૃષ્ણલીલા સહિત સોં કિયે ॥ ધન્ય ગાવત 'રસિકદાસ' બારંબાર કિજિયે સકલ પૂરન મનોરથ હિયે 卐 卐 ૨૫ 卐 શ્રીમહાપ્રભુજીકો પલના, રાગ-આસાવરી 卐 卐 શ્રીવલ્લભ લાલ પાલનેં ઝૂલેં માત એલંમા ઝુલાવૈ હો ॥ રતન જટિત કંચન પલના પર, ઝૂમક મોતિ સુહાવૈ હો ॥૧॥ ઝાલર ગજ મોતિનકી રાજત, દચ્છિન ચીર ઉઢાવેં હો ॥ તોરન ઘુઘરુ ધમક રહે

હેં, ઝુંઝન ઝમકિ મિલાવૈ હો ॥૨॥ ચુચકારત ચુટકી દૈ નચાવત, ચુંબન દૈ હુલરાવૈ હો ॥ કિલકિ કિલકિ હસત મુખ પ્રમુદિત, બાલલીલા જાહિ ભાવે હો ॥૩॥ કબહુ ઉરજ પયપાન કરાવત, ફિર પલના પોઢાવૈ હો । પીઠ ઉઠાય મૈયા સન્મુખ વ્હૈ, આપુન રીઝિ રિઝાવૈ હો ॥૪॥ મહાભાગ્ય હૈ તાત માત દોઊ, આપુન યોં બિસરાવૈ હો । 'વલ્લભ દાસ' આસ સબ પૂજી શ્રીવલ્લભ દરસ દિખાવૈ હો 卐 રાગ-સારંગ 卐 ૨૬ શ્રી લછમનગૃહ મહામંગલ ભયો, પ્રગટે શ્રી વલ્લભ પૂરન કામ ॥ માધવ માસ કૃષ્ણ પક્ષ સુભ લગ્ન, ઉદિત એકાદસી દૂસરો જામ ॥૧॥ મંગલ કલસ ચૌક મોતિન કે, વિવિધ બિચિત્ર ચિત્ર બને ધામ ॥ ગાવતિ મંગલ ગીત માનિની, નખ સિખ સુભગ કામસી વામ ॥૨॥ મિટ્યૌ તિમિર દુઃખ દ્વંદ જગતકોં ભોર ભયો માનોં મિટિ ગઈ યામ ॥ 'માનિકચંદ' પ્રભુ સદા બિરાજો,

આઈ બસો શ્રી ગોકુલ ધામ 卐 ૨૭ કેસરકી ધોતી પહિરેં કેસરી ઉપરેં ના ઓઢેં, તિલક મુદ્રા ધરિ બૈઠે, શ્રીલછમન ભટ્ટ ધામ ॥ જન્મ દ્યૌસ જાનિ જાનિ અદ્‌ભુત રુચિ માનિ માનિ, નખ સિખકી સોભા ઉપર વારોં કોટિ કામ ॥ સુંદર તાઈ નિકાઈ તેજ પ્રતાપ અતુલ તાઈ, આસપાસ જુવતી જન કરત હે ગુનગાન પદ્યમનાભ પ્રભુ વિલોક ગિરિવરધર વાગધીસ, યહિ અવસર જે હુતે તે મહા ભાગ્યવાન ॥૨॥ 卐 ૨૮ 卐 રતિ પથ પ્રગટ કરન કોં પ્રગટે કરુનાનિધિ શ્રી વલ્લભ ભૂતલ ॥ હુલસે સકલ દૈવી જનકે મન, સાધન બિન હમ પાવેંગે ફલ ॥૧॥ માયા મત કો તિમિર નસાયો, પંથ દિખાયો બેદ બચન બલ ॥ યહ મારગ જો દૃઢ તિનકોં હરિ, મેલન મુખ ફલ પત્ર કુસુમ જલ ॥૨॥ સિંચત બચન સુધા કરિ સેવક, મારગ રિપુ દાહે બચનાનલ ॥ સેવા રસ સાગર પ્રગટાયો, વદન

અનલતેં અતિસય સીતલ ॥૩॥ ઉપજત તાપ છિનક સાનિધમેં, દેત વિરહ આનંદરસ કેવલ ॥ દેખો સંત બિચાર ચારુ ચિત યે ગોકુલ પતિ હેં, નિશ્ચલ ॥૪॥ દે ચરનોદક દોસ નિવારે, સૂધે કિયે કાલ કલિ કે ખલ ॥ 'રસિક' ભજત શ્રીવલ્લભ પદ, તે બડ ભાગિ સદા મન નિર્મલ ॥૫॥ 卐 卐 ૨૯ 卐 ઐસી બાંસી બાજી બન ઘનમેં વ્યાપિ રહી ધ્વનિ, મહા મુનિનકી સમાધિ લાગી ॥ ભયો બ્રહ્મ નાદ ઉઠત અલ્હાદ જહાં, તહાં વ્રજ ઘોખ રત્ન વૃન્દ ભયે સબ ત્યાગી ॥૧॥ રાસ આદિ અનેક લીલા રસ ભાવ પૂરિત મૂરતિ, મુખારવિંદ છબિ ધરેં બિરહ અગનિ જાગી ॥ તબ બેનુ નાદ દ્વાર અબ લછમન ભૂપકુમાર, 'કૃષ્ણદાસ' દૈવોદ્ધાર અર્થ ત્યાગી 卐 卐 ૩૦ 卐 સુભ વૈસાખ એકાદસી શ્રી વલ્લભ ભુવ પ્રગટ ભયે ॥ સબ જીવનકે ભાગ્ય વિસ્તરે, નિરખત તાનકે તાપ ગયે ॥૧॥ પુષ્ટિ ભક્તિ રસ નિજ

દાસનકોં અતિ ઉદાર મન દાન દયે ॥ ‘માનિકચંદ’ હિયે બસો નિરંતર, શ્રી વલ્લભ આનંદ મયે ॥૨॥ 卐 ૩૧ 卐 કાંકરવારે તૌલંગ તિલક દ્વિજ, વંદોં શ્રીમદ્ લછમન નંદ ॥ શ્રી બ્રજરાજ સિરોમનિ સુંદર, ભૂતલ પ્રગટે વલ્લભ ચંદ ॥૧॥ અવગાહત શ્રી વિષ્ણુ સ્વામી પથ, નવધા ભક્તિ રત્ન રસ કંદ ॥ દરસનહી પ્રસન્ન હોત મન, પ્રગટે પૂરન પરમાનંદ ॥૨॥ કીરતિ બિસદ કહૌંલોં બરનોં ગાવત લીલા શ્રુતિ સુર છંદ ॥ ‘સગુન દાસ’ પ્રભુ ખટ ગુન સંપન્ન, કલિ જન ઉદ્ધરન આનંદ કંદ ॥૩॥ 卐 ૩૨ 卐 કલિમેં જીવન વલ્લભ પ્રગટે ॥ ગતિ ન હુતી જે કહુઁ અધમનકી, અબ સબ પાપ કટે ॥૧॥ કરી જો કૃપા ધરિકેં કર મસ્તક,કીને અપુને દાસ ॥ ઐસે દયાલ પૂરન પુરુસોત્તમ દાસ ‘સરિક’ ફલી આસ ॥૨॥ 卐 ૩૩ 卐 ફયૌ જન ભાગ્ય પથ પુષ્ટિ પ્રકટ કરન, દુષ્ટ પાખંડ મત ખંડ ખંડન કિયે ॥

સકલ સુખ ઘોખકો તિમિર હર લોકકૌ, કૃષ્ણ રસ પોષકો પુંજ પુંજન દિયે ॥૧॥ સકલ મરજાદ મંડન પ્રભુ અવતરે, ખલન દંડન કરન ભક્ત નિર્મલ હિયે ॥ પ્રગટ લછમન સદન દેખિ હરખિત બદન, મદન છબિ કદન ભઈ પદન નખ ના છિયે ॥૨॥ ઉદિત ભયો ઈન્દુ વૃંદા વિપનકો હરખિ, બરખિ રસ બચન સુનિ શ્રવન નિજ જન પિયે ॥ ‘કૃષ્ણદાસનિ નાથ’ હાથ ગિરિવર ધર્યો, સાથ સબ ગોપ સુખ નિરખિ નૈનન જિયે ॥૩॥ 卐 卐 ૩૪ 卐 આનંદ આજ ભયો હો ભયો જગતી પર જય જયકાર ॥ શ્રી લછમન ગૃહ પ્રગટ ભયે હૈં, શ્રી વલ્લભ સુકુમાર ॥૧॥ માધવ માસ કૃષ્ણ એકાદસી, સુભ નછત્ર ગુરૂવાર ॥ ગુન નિધાન ‘શ્રીગિરિધર’ પ્રગટે, લીલા દ્વિજ તનુ ધાર ॥૨॥ 卐 ૩૫ 卐 શ્રીલછમન વર બ્રહ્મ ધામ કામ મૂરતિ પુરુસોત્તમ, પ્રગટ ભયે શ્રી વલ્લભ પ્રભુ લીલા અવતારી ॥ રસ મય

આનંદરૂપ અનુપમ ગુન ગ્રંથ ભરે, બચન સુધ. સીંચત નિત નિજ જન સુખકારી ॥૧॥ ભજન પંથ કમલ ભાનુ અમલ ભાવ દાન કરત, બ્રજ પતિ રસ રાસ કેલિ બિહરત મનુહારી ॥ નવલ લાલ પિય ગિરિધર દઢ કરિ કર ગહત તાહિ, જે જન ઈન સરન આય ચરન છત્ર ધારી ॥૨॥ 卐 ૩૬ 卐 શ્રી વલ્લભ અવનીમેં પ્રગટે નિજજન કૃપા નિધાન ॥ પ્રભુ સંબંધ કરિ દેહેં દઢ કરિ,યહિ નિશ્ચય જિય જાન ॥૧॥ નંદનંદન ઈનિસોં નાહિં અંતર, નિસિ બાસર કર જ્ઞાન ॥ 'રસિક' કહત લીલા દરસે હોં, યહ ઠાન્યો હે ઠાન ॥૨॥ 卐 **રાગ-નટ** 卐 卐 ૩૭ 卐 સબ મિલિ ગાવો ગીત બધાઈ॥ શ્રી લછમન ગૃહ પ્રકટ ભયે હેં, શ્રી વલ્લભ દુખદાઈ ॥૧॥ ઉઘરે ભાગ સકલ ભકતનકે પુષ્ટિ ભંક્તિ પ્રકટાઈ ॥ જસુમતિ સુત નિજ સુખ દેવેકોં, મુખ મૂરતિ પ્રગટાઈ ॥૨॥ અતિ સુંદર બિધુ બદન બિલોકત,

સકલ સોક વિનસાઈ ॥ કહત ફિરત સબહિનસોં ફૂલે, આનંદ ઉર ન સમાઈ ॥૩॥ શ્રી ભાગવત અર્થ પ્રકટ કરન કોં, ભાગનિ દઈ હે દિખાઈ ॥ ભઈ ન કબહુ હ્વૈ હેં ન ઐસી, જૈસી અબ નિધિ પાઈ ॥૪॥ સદા બિરાજો સીસ હમારે, યહ મૂરતિ મન ભાઈ ॥ ચરન સેંનુ સેવક કો સેવક, દાસ 'રસિક' બલિ જાઈ ॥૫॥ 卐 ૩૮ 卐 જોપેં શ્રીવલ્લભ પ્રગટ ન હોતે ॥ ભૂતલ ભૂખન વિષ્ણુસ્વામી પથ શૃંગાર શાસ્ત્ર સબ રોતે ॥૧॥ પ્રેમ સરૂપ પ્રકટ પુરુસોત્તમ, બિન પાયે કૈસે જોતે ॥ સેવા કાજ લાલ ગિરધરકી કુસુમ દામ કૈસે પોતે ॥૨॥ કરિ આસરો રહે જે નિજજન, તે ભવ પાર ક્યોં હોતે ॥ 'સગુનદાસ' સિદ્ધાંત બિના યહ, ઉર કપાટ ક્યોં ખોતે ॥૩॥ 卐 卐 ૩૯ 卐 જોપેં શ્રીવલ્લભ ધરતે ન રૂપ ॥ અર્થ શ્રી ભાગવત કે કહિ સકતો, પતિત પરતે સબ કૂપ ।॥૧॥ અબ અઘ ગજ વપુ બસન ન પાવત, જબ પ્રગટે મૃગ

ભૂપ ॥ 'વિષ્ણુદાસ' ચરન છાઁહ તકિ, અકુલાનો ભવ ધૂપ ॥૨॥ 卐 ૪૦ 卐 શ્રીમદ્ વલ્લભ રૂપ સુરંગે ॥ અંગ અંગ પ્રતિ ભાવનકે ભૂખન, વૃંદાવન સંપતિ અંગ અંગે ॥૧॥ દરસ પરસ ગિરિધરકી ન્યાંઈ, ઐન મૈન બ્રજરાજ ઉછંગે ॥ 'પદ્મનાભ' દેખે બનિ આવે, સુધિ રહી રાસ રસાલ ભ્રૂભંગે ॥૨॥ 卐 卐 **રાગ-ગૌરી** 卐 ૪૧ 卐 શ્રી લછમન નંદન જૈ જૈ જે ॥ ભક્તહેત પ્રકટે પુરુસોત્તમ, મન વાંછિત ફલ નિજ જન દૈ ॥૧॥ સુક મુખ દ્રવિત સુધા રસ મથકેં, ગૂઢ ભાવ દસ બિધિ કર લૈ ॥ માયાવાદ કરીંદ્ર દર્પ દલ, દૈવી જીવન દાન અભૈ ॥૨॥ પરિક્રમા મિસ પરસ પૂતકૃત, ભૂતલ તીરથ રાજસબૌ ॥ બસૌ નિરંતર મેરે જિયમેં, દાસ 'ગોપાલ' પદાંબુજ દ્વૈ ॥૩॥ 卐 ૪૨ 卐 વંદેહં તં વિમલ હુતાસં ॥ જાતેં પ્રગટ પ્રદિપ શ્રી વિઠ્ઠલ, અમલ અદ્ભુત તિમિર ભ્રૂમ નાસં ॥૧॥ ઉઠત સ્ફુલિંગ વિસદ નિજ સેવક, બચન મૃદુ પ્રેર મારુત બલ સ્વાસં ॥ અનય્ ભજન દાવાનલ ચહુંદિસ, માયાવાદ મનુજ મૃગ ત્રાંસ ॥૨॥ સીત સમીપ દૂર જન તાપક, અનુભવ ઉભય એક ગુન ભાસં ॥ દેવાનન જડ અમિત સમીર વસ, પુરુસોત્તમ મુખ પદ્મ વિકાસં ॥૩॥ વાગીસજ્ઞ રસજ્ઞ વરન પુનિ, અતૂલ સ્વભાવ ગૃહિત રુચિ ગ્રાસં ॥ અખિલ ધરા પદ પરસિ પૂત કૃત, વ્રજ જમુના વિહરત રુચિ રાસં ॥૪॥ શ્રીવલ્લભ વલ્લભસુત ગિરિધર, નર ભૂખન મતિ ગુઢ પ્રકાસં ॥ શ્રીલછમન સુત વિશ્નુ સ્વામી પથ, શ્રુતિ વચન મંડન કહે વિશ્નુદાસ' ॥૫॥ 卐 ૪૩ 卐 નાતર લીલા હોતી જૂની ॥ જો પૈ શ્રીવલ્લભ પ્રગટ ન હોતે, વસુધા રહતી સૂની ॥૧॥ દિન પ્રતિ નઈ નઈ છબિ લાગત, જ્યોં કંચન નગ ચૂની ॥ 'સગુનદાસ' યહ ઘરકો સેવક, જસ ગાવત જાકો મુની ॥૨॥ 卐 ૪૪ 卐 તૌલૈંગ કુલ દીપક પ્રગટે, શ્રીવલ્લભ મહારાજ ॥

આજ્ઞા દઈ દાય કરિ શ્રી હરિ, પુષ્ટિ પ્રગટવે કાજ ॥૧॥ મુખ મુરતિ જો પ્રગટ જબ કીની, નિજજન ભક્ત સમાજ ॥ 'રસિક' સિરોમનિ શ્રી વલ્લભ પ્રભુ તીનલોક પર ગાજ ॥૨॥ 卐 **રાગ-રાયસો** 卐 ૪૫ 卐 દ્વિજ કુલ પ્રગટે શ્રીહરિ, સુંદરતાકી રાસ ॥ પરમ પુનિત એકાદસી ધન ધન માધૌ માસ ॥૧॥ લગ્ન નક્ષત્ર બલિ સોધિકેં, બૈઠે દ્વિજ વર આય ॥ શ્રી લછમન ભટ મન મોદસોં દીની બહુ વિધિ ગાય ॥૨॥ ફૂલે દ્રુમ ઔર બેલી, ફૂલ સરન બન રાઈ ॥ 'નિજ જન' ફૂલે નિરખિકેં, રહસિ બધાઈ ગાઈ ॥૩॥ 卐 卐 **રાગ-કલ્યાન** 卐 ૪૬ 卐 રુચિર પદ કમલ શ્રી વલ્લભાધીશકે રૈંનિ ઔર દિવસ નિજ સિરસિ ધરિયે ॥ ગહેત દ્રઢ બાંહ જિહિં કાન શ્રીનંદસુત, પત્ર ફલ પુષ્પ સેવાનુસરિયે ॥૧॥ પ્રેમ ભાવતેં નિકટ સંતત સદા રહેત, રાખિ વિશ્વાસ વ્રતતેં ન ટરિયે ॥ શ્રીવિઠ્ઠલ ગિરિધરન હિત

પ્રકટ લછમન સુવન,ભક્તકે ભવનમેં બાસ કરિયે ॥૨॥ 卐 卐 ૪૭ 卐 શ્રી લછમન કુલચંદ ઉદિત, જગ ઉદ્યોતકારી ॥ માત ઈલમાં વિમલ રાકા ઉડુગન નિજ જન સમા, પોષત પીયૂષબચન હરિ જસ ઉજિયારી ॥૧॥ કરુનામપી નિષ્કલંક માયા વાદ તિમિર હરન, સકલ કલા પૂરન મન દ્વિજ કુલ વપુ ધારી ॥ બલિ બલિ બલિ 'માધૌદાસ' ચરન કમલ કિયે નિવાસ,ભયો ચકોર લોચન છબિ નિરખત ગિરિધારી ॥૨॥ 卐 卐 **રાગ-હમીર કલ્યાન** 卐 ૪૮ 卐 જગત ગુરુ નામ સુન્યૌ જબ શ્રવનન, ઐસો દેખ્યો રૂપ નિહાર ॥ તિલક વિલોક તૈલગ દેસ દ્વિજ, શ્રી વલ્લભ ગૃહ બિહાર ॥૧॥ રાજ સંબંધ ભેખ ભુવ સુર કુલ, ભજન દુરાયો શ્રુતિ સાર ॥ વિમુખ લોક પાખંડ ચલે મત, ધર્મ હીન ધરા ક્યોં સહે ભાર ॥૨॥ જબ જબ હીન હોત નિગમ પથ, તબ આપ ધરત અવતાર ॥ કહું કલા કહું અંસ

કાજબલ, પુરુસોત્તમ દ્વિજવર સિંગાર ॥૩॥ નિજ કરિ ટેહલ દિખાઈ સિખાવત, જ્યો ગિરિ પૂજન સોઈ બિચાર ॥ 'વિષ્ણુદાસ' દૃઢ કિયો જુ બેદ મત, શ્રીવલ્લભ કુલ વિપ્ર આધાર 卐 **રાગ-કાન્હરો** 卐 ૪૯ 卐 પ્રગટે પુષ્ટિ મહારસ દૈન ॥ શ્રી વલ્લભ હરિ ભાવ અગ્નિ મુખ, રૂપ સમર્પિત લૈન ॥૧॥ નિત્ય સંબંધ કરાય દયા નિધિ, તીન લોકમેં કિયે અભૈ ન ॥૨॥ રહિયે ધ્યાન સદા ઈનકે પદ, પાતક કોઊ લગૈ ન ॥ 'રસિક' યહ નિરધાર નિગમ મતિ, સાધન ઔર ન હૈ ન ॥૩॥ 卐 卐 ૫૦ 卐 શ્રી લછમન ગૃહ પ્રગટ ભયે હૈં, શ્રીવલ્લભ પરમાનંદ રૂપ ॥ બ્રહ્મવાદ ઉદ્ધારન કારન, ગોપી પદ પતિ રતિ પતિ ભૂપ ॥૧॥ મહા ભાગ્ય પૂરન દૈવી જન, જિનકે હિત અવતાર લિયો ॥ પ્રગટ અમલ દેખત નિજજનકો, માયામતકો તિમિર ગયો ॥૨॥ અપને

દીન જાનિ કરુનામય, વચનામૃત પોકે સંતન સબ ॥ નંદાલયકી ફેરિ દિખાઈ 'ગિરિધરન' કી લીલા હી જે તબ ॥૩॥ 卐 ૫૧ 卐 કૃપા સિંધુ શ્રી લછમન નંદ ॥ ભક્તન હિત પ્રગટે હૈં ભૂવ પર, કૃષ્ણવદન વૃંદાવન ચંદ ॥૧॥ તબહી વેણુ દ્વાર ગોપિન કો, સીંચત રસમય પરમાનંદ ॥ અબહી ઈલંમા કૂખ ઊદય હવૈ દૈવી જન વચનામૃતાનંદ ॥૨॥ સાકાર જુગલ રાસ રસિકકની, અંબુજમેં વેણુ મકરંદ ॥ દૈ ચરનોદક સરન લિયે જે, ત્રિવિધ તાપ ટારૌ દુઃખ દ્વંદ ॥૩॥ તુમ હો પરમ ઉદાર મહાપ્રભુ, ગાવત નેતિ નેતિ શ્રુતિ છંદ તવ ગુન ગનિત સેસ નહિં પાવત, ક્યોં બરનેં 'વલ્લભ' મતિ મંદ ॥૪॥ 卐 卐 ૫૨ 卐 ભક્તિ સુધા બરખતહી પ્રગટે, શ્રી વલ્લભ દ્વિજ રાજ ॥ માધવ માસ કૃષ્ણ એકાદસી, પિય પુનિત દિન આજ ॥૧॥ કરુનાવંત અતુલ સુખ સાગર, સંગ લિયે સકલ સમાજ ॥ વૃંદ કુમુદ

અનુચર ચકોર કે, ભયે મનોરથ કાજ ॥૨॥ આનંદ રૂપ જગતકે ભૂખન,લસત સબન સિરતાજ ॥ 'વિષ્ણુદાસ' ગુન ગનિત થકિત ભયે, પંડિત પાવત લાજ ॥૩॥ 卐 ૫૩ 卐 દાન દેત શ્રી લછમન પ્રમુદિત, મનિ માનિક, કંચન પટ ગાય ॥ શ્રી વ્રજ રાજ કુંવર જસોદા સુત, કરુના કરિ પ્રગટે હરિ આય ॥૧॥ રહી ન મન અભિલાખ કછુ અબ, જાચક નામ હતો કોઊજોય ॥ 'વિષ્ણુદાસ' ઉમગે અંતરતેં દે અસીસ તુમસે નહિં કોય ॥૨॥ 卐 卐 ૫૪ 卐 પ્રભુ શ્રી લછમન ગૃહ પ્રગટ ભયે ॥ હરિ લીલા રસ સિંધુ કલા નિધિ, બચન કિરન સબ તાપ ગયે ॥૧॥ માયા વાદ તિમિર જીવનકો, પ્રગટત નાસ ભયો ઉર અંતર ॥ ફૂલે ભકત કુમુદિની ચહું દિસ, સોભિત ભયે ભક્તિ મનસા સર ॥૨॥ મુદિત ભયે કમલ મુખ તિનકે, બિરથા બાદ આયે ઠાનત બલ ॥ 'ગિરિધર' અન્ય ભજન તારા-ગન, મંદ

ભયે ભજિ ગાવત ચંચલ ॥૩॥ 卐 卐 ૫૫ 卐 શ્રી લછમન ગૃહ ઢોટા જાયો, ઘર ઘરબજત બધાઈ ॥ માધૌ માસ કૃષ્ણ પક્ષ સુભ દિન, માત એલંમા સુખદાઈ ॥૧॥ ઘર ઘર બંદન માલ સાથિયે, ઘર ઘર મોતિન ચૌક પુરાઈ । ઘર ઘરતેં નર નારી ગાવત, લાગત ખરી સુહાઈ ॥૨॥ ઘર ઘરતેં સબ માગત બંદી ભીર ભઈ અતિ સોભા છાઈ ॥ જૈ જૈ કહત સબ્દ ઉચારે, દાસ'રસિક' બલિ જાઈ ॥૩॥ 卐 卐 ૫૬ 卐 શ્રી લછમન ગૃહ બજત બધાઈ ॥ દેવીન કે હિત ભૂતલ પ્રગટે, શ્રી વલ્લભ સુખ-દાઈ ॥૧॥ સેવા શ્રી ગિરિધરનલાલકી, બિધિસોં પ્રગટ કરાઈ ॥ માયા વાદ નિવારનિ કરિકેં, પુષ્ટિ ભક્તિ પ્રગટાઈ ॥૨॥ તીરથ સકલ સનાત કિયે પ્રભુ, ચરન કમલ પરછાઈ ॥ દાસ 'ગોપાલ' ફિરત હેં ફૂલ્યો, શ્રી વલ્લભ જસ ગાઈ ॥૩॥ 卐 **રાગ-બિહાગ** 卐 ૫૭ 卐 પ્રગટ હ્વૈ મારગ રીતિ દિખાઈ ॥ પરમાનંદ

સ્વરૂપ કૃપા નિધિ, શ્રી વલ્લભ સુખદાઈ ॥૧॥ કરિ સીંગાર ગિરિધરન લાલ કોં, જબ કર બેનુ ગહાઈ ॥ લૈ દરપન સનમુખ ઠાડે વ્હૈ, નિરખિ નિરખિ મુસિકાઈ ॥૨॥ બિબિધ ભાંત સામગ્રી હરિકોં, કરિ મનુહાર લિવાઈ ॥ જલ અચવાય સુગંધ સહિત મુખ, બીરી પાન ખવાઈ ॥૩॥કરિ આરતિ અનૌસર પટ દૈ, બૈઠે નિજ ગૃહ આઈ ॥ ભોજન કરિ વિશ્રામ છિનક લૈ, નિજ મંડલી બુલાઈ ॥૪॥ કરત કૃપા નિજ દૈવી જીવન પર, શ્રીમુખ બચન સુનાઈ ॥ બેનુગીત પુનિ જુગલ ગીતકી રસ બરખા બરખાઈ ॥૫॥ સેવા રીત પ્રીતિ વ્રજજનકી નિજજન હિત પ્રગટાઈ ॥ 'દાસ' સરન હરિ વાગધીસકી, ચરન રેંનું નિધિ પાઈ ॥૬॥ 卐 ૫૮ 卐 પ્રગટે શ્રી વલ્લભ સુખ રાસી ॥ પ્રાચી દિસા જ્યોં ચંદ પ્રગટ હોય ત્યોં શ્રી અંગ પ્રકાસી ॥૧॥ દેખિ સ્વરૂપ રતિ પતિ લાજત હૈ, મોહી સબ સુર

વનિતા ॥ ભક્ત ચકોર મગ્ન રસ પીવત, તન સુધિ કોઊ ન જનિતા ॥૨॥ બ્રહ્મવાદ દૃઢ ભૂપર કરિકેં, દુષ્ટન મતહી બિદાર । ગજગતિ ચાલ નિરખિ વલ્લભકી, 'ભીમ' કિયો બલિહાર ॥૩॥ 卐 ૫૯ 卐 જપ તપ તીરથ નેમ ધરમ વ્રત મેરે શ્રી વલ્લભ પ્રભુજીકો નામ ॥ સુમિરૌં મન રસના અહર્નિસ રટોં, દુરિત કટૈ સુધરે સબ કામ ॥૧॥ હદૈ બસૌં જસોદા સુતકે પદ, લીલા સહિત સકલ સુખ ધામ ॥ 'રસિક' યહિં નિરિધાર કિયો હૈ, સાધન તજિ ભજિ આઠોં યામ ॥૨॥ 卐 卐 ૬૧ 卐 ભરોસો દૃઢ ઈન ચરનનિ કેરો ॥ શ્રી વલ્લભ નખચંદ્ છટા બિના, સબ જુગ માંઝ અંધેરો ॥૧॥ સાધન ઔર નહીં યા કલીમેં, જાસૌં હોઈ નિવેરો ॥ 'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો, બિના મોલકો ચેરો 卐 ભરોસો દૃઢ ઈન ચરનન કેરો ॥

●●●

નિત્ય ઔર વર્ષોત્સવ કે પદ

શ્રી જન્માષ્ટમીની વધાઈ

(પાના ૧૮૮ થી ૨૨૦)



卐 શ્રી ગોપીનાથજીની વધાઈ 卐

卐 રાગ-સારંગ 卐 ઘર ઘર આનંદ હોત બધાઈ ॥ શ્રી વલ્લભ ગૃહ પ્રગટ ભયે હેં, શ્રી ગોપીનાથ કુંવર સુખદાઈ ॥૧॥ ધન ધન આસ્વિન વદિ દ્વાદસી દિન, ધન ધન વાર નછિત્ર કહાઈ ॥ ધન્ય ભાગ્ય ખૂલે ભકતનકે, ધન્ય કૂખ અક્કાજુ માઈ ॥૨॥ મંગલ કલસ બિરાજત દ્વારેં, તોરન માલ બંધાઈ ॥ કુંકુમ અચ્છત થાર હાથ લૈ, ગાવતિ ગાવતિ બ્રજબધૂ આઈ ॥૩॥ ટીકો કરત નિહારતિ શ્રીમુખ, વારત આરતિ લોંન કરાઈ ॥ જુગ જુગ રાજ કરૌ યહ ઢોટા, દેત અસીસ સબૈ મન ભાઈ ॥૪॥ જૈ જૈ કાર ભયો ત્રિભુવનમેં, દેવ દુંદુભિ નાદ બજાઈ ॥ શ્રી વલ્લભ સુત ચરન કમલ રજ, 'કૃષ્ણદાસ' નૌછાવર પાઈ ॥૫॥

●●●

જન્માષ્ટમીની વધાઈ

રાગ-દેવગંધાર (પંચામૃત સમય) વ્રજ ભયો મહરકેં પૂત જબ યહ બાત સુની । સુનિ આનંદે સબ લોક, ગોકુલ ગનિત ગુની ॥ વ્રજ પૂરવ પૂરે, પુન્ય, રૂપી કુલ સુથિર થુની ॥ ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની બેદ ધુનિ ॥૧॥ સુનિ ધાઈ સબ બ્રજનારિ, સહજ સિંગાર કિયે । તન પહિરે નૌતન ચીર, કાજર તિલક દિયે ॥ કસિ કંચુકી તિલક લિલાટ, સોભિત હાર હિયે ॥ કર કંકન કંચન થાર, મંગલ સાજ લિયે ॥૨॥ વે અપનો અપનો મેલ, નિકસી ભાંતિ ભલી ॥ માનોં લાલ મુનિનકી પાંતિ, પિંજરન ચૂરિ ચલી ॥ વે ગાવે મંગલ ગીત, મિલિ દસ પાંચ અલી ॥ માનોં ભોર ભયો રવિ દેખિ, ફૂલિ કમલ કળી ॥૩॥ ઉર અંચલ ઉડત ન જન્યો, સારી સુરંગ સુહી । મુખ માંડ્યો રોરી રંગ, સેંદુર માંગ છુહી ॥ શ્રમ શ્રવનન તરલ તરોંના, બેંની સિથિલ ગુહી । સિર બરખત કુસુમ સુદેસ, માનોં મેઘ ફુહી ॥૪॥ પિય પહિલેં પહુંચી જાય, અતિ આનંદ ભરી । લઈ ભીતર ભવન બુલાય, સબ સિસુ પાય પરી । ચિર જીયો જસોદા નંદ, પૂરન કામ કરી ॥૫॥ ધન ધન્ય દિવસ ધન રાતિ, ધન વહ પ્રહર ઘરી ॥ ધન ધન્ય મહરિ જુ કી કૂખિ, ભાગિ સુહાગ ભરી । જિનિ જાયો ઐસો પૂત, સબ સુખ ફલન ફરી । થિર થાપ્યો સબ પરિવાર, મનકી સૂલ હરી ॥૬॥ સુનિ ગ્વાલન ગાય બહોરિ, બાલક બોલિ લિયે। ગુહિ ગુંજા ઘસિ બન ધાતુ, અંગ અંગ ચિત્ર ઠયે ॥ સિર દધિ માખન કે માટ, ગાવત ગીત નયે । મિલિ ઝાંઝ મૃદંગ બજાવત, સબ નંદ ભવન ગયે ॥૭॥ એક નાચત કરત કુલાહલ, છિરકત હરદ દહી । માનોં બરપત ભાદોં માસ, નદી ઘૃત દૂધ

બાહી ।। જાકો જહીં જહીં ચિત્ત જાય, કૌતુક તહીં તહીં । રસ આનંદ મગન ગુવાલ કાહૂ બદત નહીં ।।૮।। એક ધાઈ નંદજુપેં જાય, પુનિ પુનિ પાય પરેં । એક આપુ આપુહી માંઝ હસિ હસિ અંક ભરેં । એક દધિ રોચન અરુ દૂબ, સબન કે સીસ ધરેં , એક અંબર સબહિં ઉતારિ દેત નિસંક ખરે ।।૯।। તબ નંદન્હાય ભયે ઠાડે, અરુ કુસ હાથ ધરે ।। ઘસિ ચંદન ચારુ મગાય, વિપ્રન તિલક કરેં ।। નાંદી મુખ પિતર પુજાય, અંતર સોચ-હરેં । વર ગુરૂજન દ્વિજન પહરાય, સબનિકે પાય પરેં ।।૧૦।। ગન ગૈયાં ગિની ન જાય, તરૂન સુબચ્છ બઢી । વે ચરેં જમુનાજૂ કે કાંછ, દુને દૂધ ચઢી ।। ખુર રૂપે તાંબે પીઠ, સોને સીંગ મઢી । તે દીની દ્વિજન અનેક, હરખિ અસીસ પઢી ।।૧૧।। તબ અપને મિત્ર સુબંધુ, હસિ હસિ બોલિ લિયે । મથિ મૃગમદ મલય કૂપર, માથેં તિલક કિયે ।। ઉર મનિ-માલા પહિરાય, બસન બિચિત્ર દિયે । માનોં બરખત માસ અસાઢ દાદુર મોર જિયે ।।૧૨।। વર બંદી માગધ સૂત. આંગન ભુવન ભરે । તે બોલે લૈ લૈ નામ, હિત કોઉ ના બિસરે ।। જિન જો જાચ્યો સો દીનો, રસ નંદરાય ઢરે ।। અતિ દાન માન પરિધાન, પૂરન કામ કરે ।।૧૩।। તબ રોહિની અંબર મગાય, સારુ સુરંગ ઘની । તે દીની વધૂન બુલાય, જૈસી જાય બની ।। અતિ આનંદ મગન બહોરિ, નિજગૃહ ગોપ ધની । મિલિ નિકસી દેત અસીસ, રુચિ અપુની અપુની ।।૧૪।। તબ ઘર ઘર ભેરિ મૃદંગ, પટહ નિસાન બજેં, વર બાંધે બંદન દ્વાર, અરુ ધ્વજ કલસ સજેં ।। તબ તા દિનતેં વે લોગ, સુખ સંપતિ ન તજેં । સુનિ 'સૂર' સબનકી યહ ગતિ, જે હરિ ચરન ભજેં ।।૧૫।। 卐卐 સાંવરો મંગલરૂપ નિધાન ।। જા દિનતેં હરિ ગોકુલ પ્રગટે, દિન દિન હોત કલ્યાન ।।૧।। બૈઠિ રહો સ્યામ ગુન સુમરૌ. રેંન દિના સબ યામ ।। 'શ્રી ભટ' કે પ્રભુનૈન

નૈન ભરિ દેખોં કમલ નયન ઘનશ્યામ ॥૨॥ 卐 卐 નૈન ભરિ દેખો, નંદકુમાર ॥ જસુમતિ કૂખ ચંદ્રમા પ્રગટ્યો, યા બ્રજકો ઉજિયાર ॥૧॥ બન જિનિ જાઉ આજ સબ કોઊ, ગોસુત ગાય ગુવાર ॥ અપને અપને ભેખ સબૈ બનિ, લાવઉ બિબિધ સિંગાર ॥૨॥ હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ, મંડિત કરો દુવાર ॥ પુરૌ ચોક વિવિધ મુક્તા મનિ, ગાવૌ મંગલચાર ॥૩॥ ચહૂ બેદ ધુનિ કરત મહા મુનિ, હોત નછત્ર બિચાર ॥ પ્રકટ્યો પુન્યકોપુંજ સાંવરો, સકલ સિદ્ધિ દાતાર ॥૪॥ ગોકુલ વધૂ નિરખિ આનંદિત, સુંદરતાકો સાર ॥ દાસ 'ચત્રુભુજ' પ્રભુ ચિરજીવો, ગિરિધર પ્રાન આધાર ॥૫॥ **(અભ્યંગ સમય) રાગ-ધનાશ્રી** 卐 卐 સબૈ મિલિ મંગલ ગાવો માઈ ॥ આજ લાલકો જન્મ ઘોસ હૈ, બાજત રંગ બધાઈ ॥૧॥ આંગન લીપો ચોક પુરાવો, વિપ્ર પઠન લાગે વેદ ॥ કરૌ સિંગાર

શ્યામ-સુંદરકો, ચોવા ચંદન મેદ ॥૨॥ આનંદ ભરી નંદજુકી રાની, ફૂલી અંગ ન સમાઈ ॥ 'પરમાનંદદાસ' તિહિં ઔસર, બહોત ન્યોછાવર પાઈ ॥૩॥ 卐 卐 રાનીજૂ આપુન મંગલ ગાવૈ આજ લાલકી બરસગાંઠ હૈ, મોતિન ચોક પુરાવૈ ॥૧॥ ગાંવ ગાંવતે જાતિ આપુની, ગોપન ન્યોતિ બુલાવૈ ॥ અન્વાચાર્ય મુનિ ગર્ગ પરાસર, તિનપેં બેદ પઢાવૈ ॥૨॥ હરદી તેલ સુગંધ સુવાસિત, લાલેં ઉબટિ ન્હવાવૈ ॥ હરિ તન ઉપર વારિ નૌછાવરિ, જન 'પરમાનંદ' ગાવૈ ॥૩॥ 卐 卐 **રાગ-બિલાવલ** 卐 મહા મહોચ્છવ શ્રી ગોકુલ ગામ ॥ પ્રેમ મુદિત જુવતી જસ ગાવત, શ્યામ સુંદરકો લૈ લૈ નામ ॥૧॥ જહાં તહાં લીલા અવગાહત, ખરિક ખોરિ દધિ મંથન ધામ ॥ કરત કુતૂહલ નિસ અરુ બાસર, આનંદમે બિતત સબ યામ ॥૨॥ નંદ ગોપ સુત સબ સુખદાયક, મોહન મૂરતિ પૂરન કામ ॥ 'ચત્રુભુજ'

પ્રભુ ગિરધર આનંદ નિધિ, નખસિખ રૂપ સુભગ અભિરામ ॥૩॥ 卐卐 ગોકુલ ઘરઘર હોત બધાઈ ॥ ગાવત મંગલ નારિ ઘોખકી, બાજે બિબિધ બજાઈ ॥૧॥ દેત નોછાવર પટ ભૂખન લૈ, બંદીજન પહિરાઈ ॥ 'રામ કૃષ્ણ' જનમે ગિરિધારી, સબ બ્રજ કે સુખદાઈ ॥૨॥ 卐 卐 **આસાવરી** 卐 જુરિ ચલી હૈં બધાવન નંદ મહર ઘર સુંદર બ્રજકી બાલા ॥ કંચન થાર હાર ચંચલ છબિ, કહિ ન પરત તિહિં કાલા ॥૧॥ ડહડહે મુખ કુમકુમ રંગ રંજિત, રાજત રસકે ઐના ॥ કંજન પર ખેલત માનોં ખંજન, અંજન જુત બને નૈના ॥૨॥ દમકત કંઠ પદિક મનિ કુંડલ, નવલ પ્રેમ રંગ બોરી ॥ આતુર ગતિ માનોં ચંદ ઉદૈ ભયો, ધાવત તૃખિત ચકોરી ॥૩॥ ખસિ ખસિ પરત સુમન સીસનતેં, ઉપમા કહા બખાનોં ॥ ચરન ચલન પર રીઝિ ચિકુર વર, બરખત ફૂલન માનોં ॥૪॥ ગાવત ગીત પુનિત કરત જસ, જસુમતિ

મંદિર આઈ ॥ બદન વિલોક બલૈયા લૈ લૈ, દેત અસીસ સુહાઈ ॥૫॥ મંગલ કલસ નિકટ દીપાવલી, ઠાંઈ ઠાંઈ દેખિ મન ભૂલ્યો ॥ માનોં આગમ નંદ સુવનકે, સુવર્ન ફલ બ્રજ ફૂલ્યો ॥૬॥ તા પાછેં ગન ગોપ ઓપસોં, આયે અતિસૈ સોહે ॥ 'પરમાનંદ' કંદ રસ ભીને, નિકટ પુરંદર કોહે ॥૭॥ આનંદ ઘન જ્યો રાજત ગાજત, બાજત દુંદુભિ ભેરી ॥ રાગ રાગિની ગાવત હરખત, બરખત સુખકી ઢેરી ॥૮॥ પરમ ધામ જગ ધામ શ્યામ અભિરામ શ્રી ગોકુલ આયે ॥ મિટિ ગયે દ્વંદ 'નંદદાસન' કે, ભયે મનોરથ ભાયે ॥૯॥ 卐 卐 બરસગાંઠિ ગિરધરન-લાલકી હોં અબહી સુનિ આઈ હો ॥ મંગલ ગાવત ચોક પુરાવત, ઘર ઘર બજત બધાઈ હો ॥૧॥ ધ્વજા પતાકા તોરન માલા, બંદન વાર બંધાઈ હો ॥ બાજત તાલ પખાવજ આવજ, ઝાંઝન ઝમક લગાઈ હો ॥૨॥ ગોપી

ગ્વાલ પરસ્પર નાચત, દધિકી કીચ મચાઈ હો ॥ દેખિ દેખિ બ્રહ્મા શિવ નારદ, કુસુમન વૃષ્ટિ કરાઈ હો ॥૩॥ કહિયે કહા કહત નહિં આવૈ, બરનૌં કહા બડાઈ હો ॥ નંદનંદનકી યા છબિ ઉપર 'આસકરન' બલિ જાઈ હો ॥૪॥ 卐 卐 **રાગ-ધનાશ્રી** 卐 નંદ મહોચ્છવ હો બડ કીજે ॥ અપને લાલ પર વારિ નૌછાવરિ, સબ કાહૂકોં દીજે ॥૧॥ વિપ્રન દેહુ ગાય અરુ સોનો, ભાટન રૂપો દામ ॥ જુવતિન દેહો પાટંબર ભૂખન, પુજે મનકે કામ ॥૨॥ નાચૌ ગાવૌ કરહુ બધાઈ, અજન જનમ હરિ લીનો ॥ યહ અવતાર બાલલીલા રસ, 'પરમાનંદ' હિ દીનો ॥૩॥ 卐 卐 જસોદા રાની જાયો હૈ સુત નીકો ॥ આનંદ ભયો સકલ ગોકુલમેં, ગોપવધૂ લાઈ ટીકો ॥૧॥ અક્ષત દૂધ રોચના માથેં, નંદે તિલકુ દહી કો ॥ અંચલ વારિ વારિ મુખ નિરખતિ, કમલ નૈન પ્યારો જીકો ॥૨॥ અપને અપને ભવનતેં નિકસી, પહિરે ચીર કસૂંભીકો ॥ 'યાદવેન્દ્ર' બ્રજકુલ પ્રતિ પાલક, કંસ કાલ ભય ભીકો ॥૩॥ 卐 卐 રાની તેરો ચિરંજીપો ગોપાલ ॥ બેગિ બડો બઢિ હોઊ બિરધ લટ, મહરિ મનોહર બાલ ॥૧॥ ઉપજિ પર્યો ઈહિ કૂખિ ભાગ બલ, સમુદ્ર સીંપ જેસેં લાલ ॥ સબ ગોકુલકો પ્રાન જીવન ધન, બૈરિન કે ઉરસાલ ॥૨॥ 'સૂર' કી તો જિય સુખ પાવત હૈ, દેખત શ્યામ તમાલ ॥ રજ વારતિ લાગૌ મેરિ અઁખિયનિ રોગ દોસ જંજાલ ॥૩॥ 卐 卐 **રાગ-સારંગ** 卐 હેરી હે આજ નંદરાયકેં આનંદ ભયો ॥ નાચતિ ગોપી કરતિ કુલાહલ, મંગલ ચાર ઠયો ॥૧॥ રાતી પીયરી ચોલીપહિરેં, નૌતન ઝુમક સારી ॥ ચોવા ચંદન અંગ લગાયે, સેંદુર માંગ સંવારી ॥૨॥ માખન દૂધ દહ્યો ભરિ ભાજન સકલ ગ્વાલ લૈં આયે ॥ બાજત બેંનુ પખાવજ મહુવરી, ગાવત ગીત સુહાયે ॥૩॥ હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ,

આંગને બાઢી કીચ ॥ હસત પરસ્પર પ્રેમ મુદિત મન, લાગિ લાગિ ભુજ બીચ ॥૪॥ ચહૂં બેદ ધુનિ કરત મહા મુનિ, પંચ સબ્દ ઢમ ઢોલ ॥ 'પરમાનંદ બઢ્યો ગોકુલમેં, આનંદ હૃદય કલોલ ॥૫॥ 卐 卐 આજુ બધાઈ કો દિન નીકો ॥ નંદ ઘરુની જસુમતિ જાયો હે, લાલ ભાંવતૌ જીકો ॥૧॥ પંચ સબ્દ બાજે બાજત ઘર-ઘરતેં આયો ટીકો ॥ મંગલ કલસ-લિયે બ્રજ સુંદરી, ગ્વાલ બનાવત છીકો ॥૨॥ દેત અસીસ સકલ ગોપીજન ચિરજીવૌ કૌટિ બરીસો ॥ 'પરમાનંદ દાસ' કો ઠાકુર, ગોપ ભેખ જગદીસો ॥ 卐 卐 તુમ જુ મનાવત સોઈ દિન આયો ॥ અપનો બોલકરૌ કિન જસુમતિ, લાલ ઘુટુરુવન ધાયો ॥૧॥ અબ ચલિ હૈં પાયન ઠાડે વ્હૈ, મહરિ બજાય બધાયો ॥ ઘર ઘર આનંદ હોત સબનકેં, દિન દિન બઢત સવાયો ॥૨॥ ઈતનો બચન સુનત નંદરાની, મોતિન ચૌક પુરાયો ॥ બાજત તૂર તરુનિ મિલિ

ગાવતિ, લાલ પટા બૈઠાયો ॥૩॥ 'પરમાનંદ' રાની ધન ખરચત, જ્યાં બિધિ બેદ બતાયો ॥ યા દિનકોં તરસત મેરી સજની, ગહિ અંગુરિયન લાયો 卐 卐 આજમહામંગલ મહેરાને ॥ પંચ સબ્દ ધ્વનિ ભીર બધાઈ, ઘરઘર વે રખવાને ॥૧॥ ગ્વાલ ભરે કાંવરિ ગોરસકી, બધૂ સિંગારત બાને ॥ ગોપી ગોપ પરસ્પર છિરકત, દધિકે માટ ઢુરાને ॥૨॥ નામકરન જબ કિયો ગર્ગ મુનિ, નંદ દેત બહુ દાનેં ॥ પાવન જસ ગાવત 'કટહરિયા', જાહિ પરમેશ્વર માનેં ॥ 卐 卐 ઘરઘર ગ્વાલ દેત હેં હેરી ॥ બાજત તાલ મૃદુંગ બાંસુરી, ઢોલ દમામા ભેરી ॥૧॥ ઝૂંટત લૂટત ખાત મિઠાઈ કહિ ન સકત કોઉ ફેરી ॥ ઉનમદ ગ્વાલ કરત કોલાહલ, બ્રજ વનિતા સબ ઘેરી ॥૨॥ ધ્વજા પતાકા તોરન માલા, સબે સિંગારત સેરી ॥ જૈ જૈ કૃષ્ણ કહત 'પરમાનંદ' પ્રગટ્યૌ કંસકો બૈરી ॥૩॥ 卐 卐 આંગન નંદકે દધિ

કાંદોં । છિરકત ગોપી ગ્વાલ પરસ્પર પ્રગટે જગમેં જાદોં ॥૧॥ દૂધ લિયો, દધિ લિયો, લિયો, ઘૃત, માખન માટ સંયૂત ॥ ઘરઘરતેં સબ ગાવત આવત, ભયો મહરિ કેં પૂત ॥૨॥ બાજત તૂર કરત કોલાહલ, વારિ વારિ દૈ દાન ॥ જિયો જસોદા પૂત તિહારો, ગોકુલ સદા કલ્યાન ॥૩॥ છિરકે લોગ રંગીલે દીસેં, હરદી તેલ સુવાસ ॥ 'મેહા' આનંદ પુંજ સુમંગલ, યહ વ્રજ સદા હુલાસ ॥૪॥ 卐 卐 સબ ગ્વાલ નાચેં ગોપી ગાવૈ । પ્રેમ મગન કછુ કહત ન આવૈ ॥૧॥ હમારે રાય ઘર ઢોટા જાયો ॥ સુનિ સબ લોગ બધાયે આયો ॥૨॥ દૂધ દહી ઘૃત કાંવરિ ઢોરી ॥ તંદુલ દૂબ અલંકૃત રોરી ॥૩॥ હરદ દૂધ દધિ છિરકત અંગા ॥ લસત પીત પટ બસન સુરંગા ॥૪॥ તાલ પખાવજ દુંદુભી ઢોલા ॥ હસત પરસ્પર કરત કલોલા ॥૫॥ અજિર પંક ગુલફન ચઢિ આયે ॥ રપટત ફિરત પગ ન ઠહરાયે ॥૬॥ વારિ

વારિ પટ ભૂખન દીને ॥ લટકત ફિરત મહારસ ભીને ॥૭॥ સુધિ ન પરે કો કાકી નારી ॥ હસિ હસિ દેત પરસ્પર તારી ॥૮॥ સુર વિમાન સબ કૌતુક ભૂલે ॥ મુદિત 'ત્રિલોક' વિમોહિત ફૂલે ॥૯॥ 卐 **卐 રાગ-કાફી 卐** શ્રી વ્રજરાજ કે ધામ બધાઈ બાજહી ॥ બધાઈ૦ ॥ ધુનિ સુની ઉઠી અકુલાય, મેઘન જ્યો ગાજહી ॥ મેઘન૦ ॥૧॥ જહાં તહાંતેં ચલી ધાય, અટકિ નંદ પોરપેં ॥ ગાવત મંગલ ગીત, ઉચે સુર ઘોરપેં ॥૨॥ નૌતન સહજ સિંગાર, કિયે અંગ અંગમેં ॥ બસન લહરિયા ભાંત, બહુત રંગ રંગ મેં ॥૪॥ ધૂન મચી સિંધદ્વાર હરી દૈ દૈ ગાવહી ॥ પ્રેમ ઉમગિ બ્રજનારી, ગીને નહિં કામહી ॥૪॥ કોઉ નાચેં કોઉ ગાય, કોઊ કર તારી દૈ ॥ કોઉ સિરતેં દધિ માટ, ફોરિ કર ડારિ દૈ ॥૫॥ નંદ નચાવત ગ્વાલ, નાચેં બડ ભૂપહી ॥ સબહ તન યોં રસાવેસ ભયે એક રૂપહી ॥૬॥ જાચક ગુનિ અનેક, જુરે

નંદધામ મેં ॥ મન વાંછિત ફલ દેત, હીરામનિ દાન મેં ॥૭॥ દેત અસીસ જીયો બ્રજ રાજકો લાડિલૌ ॥ ચંદ સૂરજકો તેજ, તપૈ સુખ બાઢિલૌ ॥૮॥ શ્રીવલ્લભ કે ચરન, સરન સુખ પાવહી ॥ તૌપેં રસના ‘રસિક’ રસાલ, સદા ગુન ગાવહી ॥૯॥ 卐 **卐 રાગ-નટ, ભોગ સમય 卐** રાનીં જૂ જાયો પૂત સુલચ્છન ॥ વિપ્રન દાન દિયે મનિ કંચન, વધૂઅનકોં પટ દચ્છન ॥૧॥ જનમત ગયો ઘોખકો નસિકેં, સબ સંતાપ તતચ્છન ॥ ‘સૂરદાસ’ પ્રભુ પ્રગટ ભએ હૈં, નિજ ભક્તનકે રચ્છન ॥૨॥ 卐 卐 **રાગ-ગૌરી 卐** આજ બધાયો શ્રીનંદરાય કે, ગોપી ગાવેં મંગલ ચાર ॥ટેક॥ આઈ જુ મંગલ કલસ લૈકેં તા પર શ્રીફલ ડાર ॥૧॥ અક્ષત રોચન દૂબ લે ચલી, બ્રજ જન ઝુંડ અપાર ॥ ચલી સબૌ મિલિ મહરિકેં ઘર, દેખન નંદકુમાર ॥૨॥ દેખિ મોહન આન પૂરી સબૌ દેત અસીસ ॥ નંદ મહરિકો

લાડિલો, ચિરજીયો કોટિ બરિસ ॥૩॥ મહરિ દાન જો બહોત દિયો, ઔર દિયો નંદરાય ॥ ઐસો સુખ દેખૌ સદા જન ‘સૂરદાસ’ બલિ જાય ॥૪॥ 卐 卐 **રાગ-માલવ 卐 (મહાત્મય)** મોહન નંદરાય કુમાર ॥ પ્રગટ બ્રહ્મ નિકુજં નાયક, ભક્ત હિત અવતાર ॥૧॥ પ્રથમ ચરન સરોજ વંદોં, શ્યામ ઘન ગોપાલ ॥ કનક કુંડલ ગંડ મંડિત, ચારુ નૈન બિસાલ ॥૨॥ બલરામ સહિત વિનોદ લીલા, સેસ સંકર હેત ॥ દાસ ‘પરમાનંદ’ પ્રભુ હરિ, નિગમ બોલે નેત ॥૩॥ 卐 **卐 રાગ-મારૂ 卐** આજ કહૂં તે યા ગોકુલમેં અદ્‌ભુત બરખાં આઈ હો ॥ મનિગન હેમ હીર ધારાકી વ્રજ પતિ અતિ ઝર લાઈ હો ॥૧॥ બાની બેદ પઢત દ્વિજ દાદુર, હિયેં હરખિ હરિયારે ॥દધિ ઘૃત નીર ક્ષીર નાના રંગ, બહિ ચલે ખાર પનારે ॥૨॥ પટહ નિસાન ભેરિ સહનાઈ મહા ગરજકી ઘોરેં ॥ માગધ સૂત બદત ચાતક પિક, બોલત બંદી

મોરે ॥૩॥ ભૂખન બસન અમોલ નંદજૂ નર નારિન પહિરાયે । સાખા ફલ દલ ફૂલન માનોં ઉપવન ઝાલર લાયે ॥૪॥ આનંદ ભરી નાચત વ્રજનારી, પહિરેં રંગ રંગ સારી ॥ બરન બરન બાદરન લપેટી, વિદ્યુત ન્યારી ન્યારી ॥૫॥ દરિદ્ર દાવાનલ બુઝે સબનકે, જાચક સરોવર પૂરે ॥ બાઢી સુબગ સુજસકી સરિતા દુરિત તીન તરુ ચૂરે ॥૬॥ ઉલ્હયો લલિત તમાલ બાલ ઈક, ભઈ સબન મન ફૂલ ॥ છાયા હિત અકુલાય 'ગદાધર' તકયો ચરનકો મૂલ ॥ **卐 卐 રાગ-જૈજૈવંતી 卐** માઈ આજ તો ગોકુલ ગામ કૈસો રહ્યો ફુલિકે ॥ ગ્રહ ફુલે દીસે જૈસેં, સંપતિ સમૂલિકેં ॥૧॥ ફૂલી ફૂલી ઘટા આઈ ઘર હર ઘૂમિકેં, ફૂલી ફૂલી બરખા હોત, ઝર લાયો ઝુમિકેં ॥૨॥ ફૂલ્યો ફૂલ્યો પુત્ર દેખિ, લિયો ઉર લૂમિકેં, ફૂલે હૈ જસોદા રાની ઢોટા મુખ ચૂમિકેં ॥૩॥ દેવતા અગાન ફૂલે [illegible] માંહ [illegible] ॥ ફૂલ્યો દિસે દધિ

કાદોં, ઉપર સોં ભૂમિકે ॥૪॥ માલિન બાંધે બંધન માલા, ઘર ઘર ડોલિકેં ॥ પાટંબર પહિરાયે, અધિક અમોલિકેં ॥૫॥ ફલેહેં ભંડાર સબ, દ્વારે દિયે ખોલિકેં ॥ નંદદાન દેત ફલે, 'નંદદાસ' બોલિકેં 卐 **卐 રાગ-કાન્હરો 卐** હરિ જન્મતહી આનંદ ભયો 卐 નવનિધિ પ્રગટ ભઈ નંદ દ્વારેં, સબ દુખ દૂરિ ગયો ॥૧॥ વસુદેવ દેવકી મતોં ઉપાયો, પલના માંઝિ લયો ॥ કમલા કંત દિયો હુંકારો જમુના પર દયો ॥૨॥ નંદ જસોદાકે મન આનંદ, ગર્ગ બુલાય લયે ॥ 'પરમાનંદ' પ્રભુ અસુર નિકંદન, ગોકુલ પ્રગટ ભયો 卐 યહ ધન ધર્મ હીતેં પાયો ॥ નીકેં રાખિ જસોદા મૈયા, નારાયન બ્રજ આયો ॥૧॥ જા ધનકોં મુનિ જપ તપ ખોજત, બેદહુ પાર ન પાયો ॥ સો ધન ધર્યો ક્ષીર સાગરમેં, બ્રહ્મા જાય જગાયો ॥૨॥ જા ધનતેં શ્રી ગોકુલ સુખ લહિયત, સગરે કાજ સંવારેં ॥ સો ધન વારિ વારિ ઉર અંતર

'પરમાનંદ' બિચારેં ॥૩॥ 卐 આઠે ભાદોંકી અંધિયારી ॥ ગરજત ગગન દામિની કોંધત, ગોકુલ ચલે મુરારી ॥૧॥ સેસ સહસ્ત્ર ફનિ બૂંદ નિવારત, સ્વેત છત્ર સિર તાન્યૌ ॥ વસુદેવ અંક મધ્ય જગ જીવન, કહા કહેગો પાન્યૌ ॥૨॥ જમુના થાહ ભઈ તિહિં ઔસર, આવત જાત ન જાન્યૌ ॥ 'પરમાનંદ' દાસકો ઠાકુર, દેવ મુનિન મન માન્યૌ ॥૩॥ 卐 卐 રાની જૂ તિહારો ઘર સુબસ બસૌ ॥ સુનિરી જસોદા (રાની) યા ઢોટાકો, ન્હાતહૂ જિનિ બાર ખસૌ ॥૧॥ કોઊ કરત બેદ ધુનિ મંગલ, કોઊ અતિ આનંદ લસૌ ॥ નિરખિ નિરખિ મુખ કમલ નયનકોં, આનંદ પ્રેમ હિયે હુલસૌ, દેત અસીસ સકલ ગોપીજન, કોઊ નાચૌ કોઊ બિહસૌ ॥ 'પરમાનંદ' નંદ ઘર આનંદ, પુત્ર જનમ ભયો જગત જસૌ 卐 卐 **રાગ-નાયકી** 卐 જનમ લિયો સુભ લગ્ન બિચાર ॥ ભાદોં કૃષ્ણ પક્ષ નિસિ આઠેં, નચ્છત્ર રોહિની અરુ

બુધવાર ॥૧॥ સંખ ચક્ર ગદા પદ્મ પીત પટ, કુંડલ કીરિટ મનિ ઉજિયાર ॥ મુદિત ભયે વસુદેવ દેવકી, 'પરમાનંદદાસ બલિહાર ॥૨॥ 卐 卐 **રાગ-બિહાગ** 卐 રાવલ કે કહે ગોપ આજ બ્રજ દૂનિ ઓપ, કાન દૈ દૈ સુનોં બાજે ગોકુલ મંદિલરા ॥ નંદજૂકે પૂત ભયો વૃષભાનજૂસોં કહ્યૌ, ગોપી ગ્વાલ લૈ લૈ ધાએ દૂધ દધિ ગગરા ॥૧॥ આગેં ગોપ વૃંદ વર પાછેં ત્રિય મનોહર, મચિ ગઈ ભીર કોઊ પાવત ન ડગરા ॥ 'ચત્રુભુજ' પ્રભુ ગિરિધારિકો જન્મ સુનિ ફૂલ્યો ફૂલ્યો ફિરૈ જહાં નારદ સો ભઁવરા 卐 **રાગ-નાયકી-પોઢાયવેમેં** 卐 卐 રાની જસુમતિ ગૃહ આવત ગોપી જન ॥ વાસર તાપ નિવારન કારન, વારંવાર કમલ મુખ નિરખન ॥૧॥ ચાહત પકરિ દેહરી ઉલંઘન, કિલકિ કિલકિ હુલસત મનહી મન । રાઈ લોંન ઉતારિ દુહૂં કર, વારિ ફેરિ ડારત તન મન ધન ॥૨॥ લેત ઉછંગ ચાંપતિ હિયો ભરિ,

પ્રેમ બિબસ લાગે દ્રગ ઢરકન ॥ લૈ ચલી પલના પૌઢવનકો અરકસાય પૌઢે સુદર ઘન ॥૩॥ દેતિ અસીસ સકલ ગોપીજન, ચિરજીયો લાલ-જોંલોં ગંગ જુમુન ॥ 'પરમાનંદદાસ' કો ઠાકુર, ભક્તવત્સલ ભક્તન મનરંજન ॥૪॥ 卐 卐 **રાગ-રામકલી** 卐 **પલનાનું પદ** 卐 પ્રેંખ-પર્યંક-શયન ॥ ચિર-વિરહ-તાપ હર-મતિ-રુચિર-મીક્ષણં, પ્રકટય પ્રેમાયન ॥ધ્રુવ॥ તનુતર-દ્વિજ-પંક્તિ મતિ-લલિતાનિ હસિતાનિ તવ, વીક્ષ્ય ગાયકીનામ્ ॥ ઈયદવધિ પરમેતદાશયા, સમ-ભવજ્જીવિતં તાવકીનામ્ ॥૧॥ તોકતા વપુષિ ત્વ રાજતે, દશિ તુ મદ-માનિની-માન-હરણમ્ ॥ અગ્રિમે વયસિ કિમુ ભાવિ કામેપિ, નિજ-ગોપિકા-ભાવ-કરણમ્ ॥૨॥ વ્રજ યુવતિ-હૃદ્ય-કનકાચલા-નારોઢુ-મુત્સુકં, તવ ચરણ-યુગલમ્ ॥ તેન મુહુરુશ્ર-મનમ-ભ્યાસ-મિવ નાથ, સપદિ કુરુતે મૃદુલ-મૃદુલમ્ ॥૩॥ અધિ-ગોરોચના-તિલક-મલકોદ્-ગ્રથિત-વિવિધ-

મણિ-મુક્તા ફલ-વિરચિતમ્ ॥ ભૂષણં રાજતે મુગ્ધતા-મૃતભર-સદ્દિ વદનેંદુ-રસિતમ્ ॥૪॥ ભ્રૂતટે માતૃ-રચિતાંજન-બિંદુ-રતિ-શયિત, શોભયા દગ્-દોષ-મપનાયન્ ॥ સ્મર-ધનુષિ મધુ પિબન્નલિરાજ ઈવ રાજતે, પ્રણયિ-સુખ-મુપનયન્ ॥૫॥ વચન-રચનો-દાર-હાસ-સહજ સ્મિતામૃત-ચયૈ-રાર્તિ-ભર-મપ નયન્ ॥ પાલય સદા-સ્માન-સ્મદીપ 'શ્રી વિઠ્ઠલે' નિજ-દાસ્ય-મુપ-નયન્ ॥૬॥ 卐 卐 તહ નિત નેં જસોદાજુ મેરે, તિહારેઈ લાલ લાડવન કોં ॥ પ્રાત સમય ઉઠિ પાલનેં ઝુલાઊં, સકટ ભંજન જસ ગાવનકોં ॥૧॥ નાચત કૃષ્ણ નચાવતિ ગોપી, કર કઠતાલ બજાવનકો ॥ 'આસકરન' પ્રભુ મોહન નાગર, નિરખિ બદન સચુ પાવનકોં ॥૨॥ 卐 卐 **ચંદનકો પલના** 卐 ચક્ષુશ્રવા પ્રિયકો પલના લલના તિહિં માંઝ ઝુલાવત હેં ॥ જુવતી મુખ પંકજ બંક ચિતૈ મિલિકેં ક્ષિતિકો

સુત ગાવતિ હેં ॥૧॥ બ્રજરાજ ત્રિયા કર ડોરિ ગહેં, હરુવે હરુવે હુલરાવતિ હેં ॥૨॥ દાસ 'ગોપાલ' સબૈ બ્રજનારિ મિલિ, ઐસેઈ લાડ લડાવતિ હેં ॥૩॥ 卐 卐 **રાગ-બિલાવલ** 卐 સાંવરો સુત પલના ઝૂલેં ॥ નિરખ નિરખિ જસુમતિ મન ફૂલેં ॥૧॥ નૈન બિસાલ ભૃકુટી મસિ રાજૈ ॥ નિરખિ બદન ઉડુપતિ જિય લાજૈં ॥૨॥ કઠુલા કંઠ રુચિર પહોંચી કર ॥ સુભગ કપોલ નાક બિંબાધર ॥૩॥ ભાલ તિલક લર લટકન સોહે ॥ મંદ હસનિ સબકો મન મોહે ॥૪॥ માખન મીશ્રી મેલિ ચટાવૈ ॥ બાર બાર પ્રમુદિત ઉર લાવૈ ॥૫॥ ગિરિધર કુંવર જનની હુલરાવૈ ॥ 'ચત્રુભુજદાસ' વિમલ જસ ગાવૈં ॥૬॥ 卐 卐 હાલરૌ હુલરાવૈ માતા ॥ બલિ બલિ જાઉં ઘોખ સુત દાતા ॥ અતિ લોહિત કર ચરન સરોજેં ॥ જે બ્રહ્માદિક મનસા ખોજેં ॥ જસુમતિ અપનો પુન્ય બિચારૈ ॥ વાર વાર મુખ કમલ નિહારે ॥૩॥

અખિલ ભુવન પતિ ગુરુડા ગામી ॥ નંદસુવન 'પરમાનંદ' સ્વામી 卐 卐 **રાગ-આસાવરી** 卐 તુમ બ્રજનારી કે લાલા, અહો દધિ મથતિ સુહાઈ કેં લાલા ॥ તુમ પર વારી હો લાલા ॥ટેક॥ દિવ્ય કનકકો પાલનો લાલ, રતન જટિત નગ હીર ॥ ગજ મોતિન કે ઝુમિકા લાલ, ઉપર દચ્છિન ચીર ॥૧॥ ઘુટરુન ચલત સુહાવનો લાલં, પગ નૂપુરકો નાદ ॥ કટિ કિંકિની રુનઝુન કરે હો લાલ, સુનત જનની અહલાદ ॥૨॥ આધે આધે બચન સુહાવને લાલ, સુનત જનની મન મોદ ॥ મુખ ચૂમતિ સ્તન પાન દૈ હો લાલ, લૈ બેઠારતિ ગોદ ॥૩॥ કુલ્હૈ સુરંગ સિર તાફતાકી લાલ, ઝગુલી પીત સુદેસ ॥ કંઠ બધના કર પહોંચિયા લાલ, સોભિત સુંદર વેસ ॥૪॥ તિલક ખુલ્યોં ગોરોચના લાલ, ઘુંઘર વારે કેસ ॥ ન્હેની ન્હેની દતિયોં દ્વે દૂધકી લાલ, દેખિયત હસત સુદેસ ॥૫॥ કાજર લોચન આંજિ કે હો લાલ, ભોંહ

મટુ દૈ ઈઠ ॥ અપનો લાલ કાહૂ દેખન ન દેહોં,
જિન કોઉ લાવો દીઠ ॥૬॥ પ્રથમ હની તુમ પૂતના
લાલ, સકટ ભંજન વન મારિ । જમલા અર્જુન
તારિકેં હો લાલ, અબ કિન છાંડો આરિ ॥૭॥ મેરે
લાલકી મૈયા બ્રજરાની, બાપ ગોપ કુલ રાજ ॥ ધન
ધન તિહારે બલભદ્ર ભૈયા, કરત સકલ સુખ કાજ
॥૮॥ મેરે લાલકી ગૈયા અતિ બાઢી, ચરન વૃંદાવન
જાઈ ॥ પાન્યો પીવૈ નદી જમુનાકોં, આંજન ખરુ
વે ખાઈ ॥૯॥ મેરે લાલહો પ્યારે લાલ તુમ, કંસ
મારિ ગઢ લેહુ ॥ મથુરા ફેરો બ્રજરાજ દુહાઈ લાલ,
ગોપ સખન સુખ દેહુ ॥૧૦॥ લિયે ઉઠાઈ બ્રજરાજ
ગોદ કરિ દેઊં ગાલ હૃદૈ લાય ॥ બહોર્યો લિયે
જનની ગોદ કરિ અસ્તન ચલેં ચુચાય ॥૧॥ કહત
જસોદા સુનો મેરે 'ગોવિંદ' લેહુ કનિયા ચઢાય ॥
જો ઝુલો તો પલનેં ઝુલાઉં નાતર, આંગન બૈઠિ
ખિલાય ॥૧૨॥ 卐 卐 **રાગ-આસાવરી** 卐 વારી

મેરે લટકન પગ ધરૌ છતિયાં ॥ કમલ નૈન બલિ
જાઉં બદનકી, સોભિત નેંન્હી નેંન્હી દ્વે દૂધકી દતિયાં
॥૧॥ યહ મેરી યહ તેરી યહ બાબા નંદજુકી, યહ
બલભદ્ર ભૈયાકી, યહ તાકી જો ઝુલાવૈ તેરો
પલના ॥ યહાં તેં ચલી ખરુ ખાત પિવત જલ,
પરહરો, રુદન હસૌ મેરે લલના ॥૨॥ રુનક ઝુનક
પગ બાજત પેંજનિયાં, અલબલ કબલ બોલો મૃદુ
બનિયા ॥ 'પરમાનંદ' પ્રભુ ત્રિભુવન ઠાકુર, જાહિ
ઝુલાવૈ બાબા નંદજુકી રનિયા 卐 卐 માઈરી કમલ
નૈન શ્યામ સુંદર ઝૂલત હૈ પલના ॥ બાલ લીલા
ગાવત સબ, ગોકુલકી લલના ॥૧॥ લાલકે અરુન
તરુન ચરન કમલ, નખ મનિ સસિ જોતીા ॥ કુંચિત
કચ ભઁવરાકૃતિલર લટકત ગજ મોતી ॥૨॥ લાલ
અંગુઠા ગહિ કમલ પાનિ, મેલત મુખ માહિં ॥
અપનો પ્રતિબિંબ દેખિ, પુનિ પુનિ મુસિકાહિં ॥૩॥
રાની જસુમતિકે પુન્ય પુંજ, વારિ વારિ લાલેં ॥

‘પરમાનંદ’ સ્વામી ગોપાલ, સુત સનેહ પાલેં ॥૪॥ 卐 卐 **(મહાદેવ લીલા)** મેં જોગી જસ ગાયા, બાલા મેં જોગી જસ ગાયા ॥ તેરે સુતકે દરસન કારન મેં કાસી તજિ ધાયા ॥૧॥ પરબ્રહ્મ પૂરન પુરષોતમ સકલ લોક જાકી માયા ॥ અલખ નિરંજન દેખન કારન, સાકલ લોક ફિરિ આયા ॥૨॥ ધન તેરો ભાગ્ય જસોદા રાની, જિન ઐસા સુત જાયા ॥ ગુનન બડા છોટા મત ભૂલો, અલખ પુરુષ ઘર આયા ॥૩॥ જો ભાવે સો લીજીએ રાવલ, કરો આપની દાયા ॥ દેહુ અસીસ મેરે બાલકકોં, અવિચલ બાઢૈ કાયા ॥૪॥ ના મેં લૈહો પાટ પાટંબર, ના લેહુ કંચન માયા ॥ મુખ દેખોં તેરે બાલકકો, યહ મેરે ગુરુને બતાયા ॥૫॥ કર જોરે બિનવે નંદરાની સુન જોગિન કે રાયા ॥ મુખ દેખન નહિં દેહોં રાવલ, બાલક જાત ડરાયા ॥૬॥ જાકી દ્દષ્ટિ સકલ જગ ઉપર, સો ક્યોં જાતા ડરાયા ॥ તીન

લોકકો માલિક મેરો, સો તૈને ભવન છિપાયા ॥૭॥ બાલ કૃષ્ણકોં લાઈ, જસોદા, કર અંચલ મુખ છાયા ॥ ગોદ પસારિ ચરન રજ બંદી, અતિ આનંદ બઢાયા ॥૮॥ નિરખિ નિરખિ મુખ પંકજ લોચન નૈનન નીર બહાયા ॥ ‘સૂરસ્યામ’ પરિક્રમા કરિ કેં, સીંગી નાદ બજાયા ॥૯॥ 卐 卐 દરસ તો દિખા જા છેલા દરસ તો દિખા જા; દિલદા મહરમ સાંવરા યાર દરસ તો દિખા જા ॥૧॥ જાંઘની કાછની કટિ પીતાંબર શ્રવનન કુંડલ સીસ મુકુટ, ઘૂઘરવારી અલેકં ઝલકેં નૈનોં મેં સમા જા ॥૨॥ બંસી ધુનિ સુનિ જમુના તીર નાચત ગાવત ગોપિન સંગ, નંદજુકે કિસોર મેરી તપત બુઝા જા ॥૩॥ ‘જાનકી દાસ’ ભયે ઉદાસ નિકસત નહિં પે પાપી સ્વાસ, સપનેમેં હૂ દરસ દિખા કેં મેરે સકલ દુખ મિટા જા ॥૪॥ 卐 卐 **ઢાઢીકે પદ-રાગ-ધનાશ્રી** 卐 હોં બ્રજ માંગનોજુ બ્રજ તજિ અનત ન જાઉં ॥ટેક॥ બડે

ભૂપતિ ભૂતલ મહિયા, દાતા સૂર સુજાન જૂ ॥ કર
ન પસારોં સીસ ન નાઉં, યા વ્રજકે અભિમાન ॥૧॥
સુર પતિ નર પતિ નાગ લોક પતિ, મેરે રંક સમાન
જૂ ॥ ભાંતિ ભાંતિ મેરી આસા પુજવો, યે વ્રજજન
જિજમાન ॥૨॥ મેં વ્રત કરિ કરિ દેવ મનાયે,
અપની ઘરની સંયૂત જુ ॥ દિયો વિધાતા સબ સુખ
દાતા ગોકુલ પતિકે પૂત ॥૩॥ હોં અપનો મન ભાયો
લેહોં, કિત બહોરાવત બાતજૂ ॥ ઔરનકો ધન ધન
જ્યોં બરખત, મો દેખત હસ જાત ॥૪॥ અષ્ટ
સિદ્ધિ નવનિધિ મેરે મંદિર, તુવ પ્રતાપ બ્રજ ઈસ
જૂ ॥ કહત 'કલ્યાન' મુકુંદ તાત કર કમલ ધરૌ મમ
સીસ ॥૫॥ 卐 卐 નંદ જૂ મેરે મન આનંદ ભયો
સુનિ ગોવર્ધન તેં આયો ॥ તુમારેં પુત્ર ભયો હોં
સુનિકેં, અતિ આતુર ઊઠિ ધાયો ॥૧॥ બંદીજન
ઔર ભિક્ષુક સુનિ સુનિ, દેસ દેસ તેં આયે ॥ એક
પહિલેંહી આસા લાગી, બહોત દિનનકે છાયે ॥૨॥

તુમ દીને કંચન મનિ મુક્તા, નાના બસન અનૂપ ॥
મોહિ મિલે મારગમેં માનોં, જાત કહું કે ભૂપ ॥૩॥
દીજે મોહિ કૃપા કરિ સોઈ જો હોં આયો માઁગન ॥
જસુમતિ સુત અપને પાયન ચિલિ, ખેલન આવે
આંગન ॥૪॥ કોટિ દેહુ તો પર્યો રહેગો, બિનુ દેખે
નહિં જૈહોં ॥ નંદરાય સુનિ બિનતિ મેરી, તબહિ
વિદા ભલે દેહોં ॥૫॥ તુમ તો પરમ ઉદાર નંદજૂ,
જો માંગ્યો સો દીનો ॥ ઐસો ઔર કૌન ત્રિભુવન
મેં, તુમ સરસો કો દીનો ॥૬॥ મદન મોહન મૈયા
કહિ બોલે , યહ સુનિ કેં ઘર જાઉં ॥ હોં તો તિહારે
ઘરકો ઢાઢી, 'સૂરદાસ' મેરો નાઉં ॥૭॥ 卐 卐
બાલલીલા કેપદ-રામકલી 卐 લલના હોં વારી તેરે
મુખ પર ॥ મેરી દૃષ્ટિ લગો જિનિ માઈ મસિ
બિંદુકા દેહોં ભ્રૂવ પર ॥૧॥ સર્વસુ મેં પહલેહી
દીનો, દતિયા ન્હેંની ન્હેંની દૂપર ॥ અબ કહા
નૌછાવર કરહોં સૂર પ્રભુ અપુને લલન પર 卐 卐

બિલવાલ 卐 સોભિત કર નવનીત લિયે ॥ ઘુટુરુન ચલત રેનુ તન મઁડિત, મુખ દધિ લેપ કિયે ॥૧॥ ચારુ કપોલ લોલ લોચન છબિ ગોરોચન કો તિલક દિયે ॥ લર લટકન માનોં મત્ત મધુપ ગન, માદિક મધુહિ પિયે ॥૨॥ કઠુલા કંઠ વજ્ર કેહરિ નખ, રાજત હે સખી રુચિર હિયે ॥ ધન્ય 'સૂર' એકો પલ યહ સુખ, કહાં ભયો સત કલ્પ જિયે ॥૩॥ 卐 卐 **રાગ-ધનાશ્રી** 卐 કીડત મણિમય આંગન રંગ ॥ પીત તાફતાકો ઝગુલા બન્યો હે કુલહિ લાલ સુરંગ ॥૧॥ કટિ કિંકિની ઘોખ વિસ્મિત અતિ, ધાય ચલત બલ સંગ ॥ ગો સુત પૂંછ ભ્રમાવત કર ગહિ, પંક રાગ સોહે અંગ ॥૨॥ ગજ મોતિન લર લટકન સોહત, સુંદર લહર તરંગ ॥ 'ગોવિંદ' પ્રભુ કે અંગ અંગ પર, વારોં કોટિ અનંગ ॥૩॥ 卐 卐 **રાગ-સારંગ** 卐 આઁગન ખેલિયે ઝનક મનક ॥ લરિકા જૂથ સંગ મનમોહન, બાલિક નનક નનક ॥૧॥

પૈયા લાગોં પર ઘર જૈવો, છાંડો ખનક ખનક 'પરમાનંદ' કહત નંદરાની, બાનિક તનક તનક ॥૨॥ 卐 卐 જબ મેરો મોહન ચલેગો ઘુટુરુઅન તબહોં કરોંગીઆનંદ બધાઈ ॥ સરવસ વારિ દેહોંગી તિહિં છિનુ મૈયા કહિ બોલૈ તુતરાઈ ॥૧॥ જસોદા કે બચન સુનત 'કેસો' પ્રભુ, જનની પ્રીતિ જાનિ અધિકાઈ ॥ નંદ સુવન સુખ દિયો માતકોં અતિ કૃપાલ મેરો નંદ લલાઈ ॥૨॥ 卐 卐 **રાગ-નટ** 卐 બોલન લાગે મોહન મૈયા મૈયા ॥ બાબા બાબા નંદરાય સોં, અરુ હલધરસોં ભૈયા ॥૧॥ સબ ગોકુલમેં આનંદ ઉપજ્યો ઘર ઘર હોત બધૈયા ॥ પરમાનંદ' દાસકો ઠાકુર, વ્રજજન કેલી કરૈયા ॥૨॥ 卐 卐 **રાગ-ગૌરી** 卐 બિમલ જસ બ્રંદાવન કે ચંદકો ॥ કહા પ્રકાસ સોમ સૂરજકો, સો મેરે ગોવિંદકો ॥૧॥ કહત જસોદા સખિયન આગેં, વૈભવ આનંદ કંદકો ॥ ખેલત-ફિરત ગોપ બાલક

સંગ, ઠાકુર 'પરમાનંદ' કો 卐 卐 **રાગ-અડાનો** 卐 ચલો મેરે લાડિલે હો પાયન પેંજનીકે ચાય ॥ રતનં જટિતકી ગઢાઈ યહી લાલચકોં પહરાઈ, ઠુમકી પગ ધરૌ મન મોહન લેહુ બલાય ॥૧॥ આજકો દિન સુહાવનો બલિ જાઉં લલા મેરે, આંગન ખેલિયે ધાય ॥ વારોંગી સર્વસ 'નારાયન' વિપ્રન દેહુંગી ગાય 卐 卐 રાગ-બિહાગ (પોઠવેમેં) 卐 સોવત નીંદ આય ગઈ સ્યામહિં ॥ મહરિ ઉઠિ પૌઢાય દુહુનકો, આપુ લગી ગૃહ કામહિ ॥૧॥ બરજત હૈ ઘરકે લોગનકોં, હોલેં લૈ લૈ નામહિં ॥ ગાઢે બોલ ન પાવત કોઊ, ડર મોહન બલ-રામહિં ॥૨॥ સિવ સનકાદિક અંત ન પાવત, ધ્યાવત હૈ દિન યામહિં ॥ 'સૂરદાસ' પ્રભુ બ્રહ્મ સનાતન સો સોવત નંદ ધામ હિં ॥૩॥ 卐

● ● ●

નિત્ય ઔર વર્ષોત્સવ કે પદ

વર્ષોત્સવ પદ સંગ્રહ

(પાના ૨૨૧ થી ૩૨૩)



વર્ષોત્સવ પદ સંગ્રહ

卐 શ્રી રાધાજી કી વધાઈ 卐

卐 રાગ-દેવગંધાર 卐 પ્રગટી નાગરી રૂપ નિધાન ॥ દેખિ દેખિ બૂઝત જો પરસ્પર, નહીં ત્રિભુવનમેં આન ॥૧॥ ઉપામાકોં જે કહિયત હે, તે જુ ભયે નિરમાન ॥ કુંભનદાસ લાલ ગિરિધરકી, જોરી સહજ સમાન ॥૨॥ **卐 卐 રાગ-આસાવરી 卐** બસસાને તેં દોરી નારી એક, નંદભવનમેં આઈ જૂ ॥ આજ સખિ ! મંગલમમેં મંગલ, કીરતિ કન્યા જાઈ જૂ ॥૧॥ સુનિ જસુમતી મન હરખત ભયો અતિ, બોલિ લઈ બ્રજ બાલા ॥ મુક્તા મનિ-માલા ભૂષન વર, પઠઈ સાજ રસાલા ॥૨॥ ચલી વજ ગામિની સાથન હાથન, કંચન થાર સુહાયે ॥ કમલન કે ઉપર ખેલત માનો, અગનિત ચંદ જુ ધાયે ॥૩॥ ડહ ડહે મુખ છબિ છાજત રાજત, લાજત કોટિક મેના ॥

કંજન પર ખેલ માનો ખંજન, અંજન રંજિત નૈના ॥૪॥ કુંડલ મંડિત બને અતિ રાજત, ઉપમા અધિક બિરાજે ॥ હાર સુઢાર ઉરન પર સોહત, નિરખે સચી છબિ લાજે ॥૫॥ ગાવત ગીત કરત જગ પાવન, ભામિની મંદિર આઈ ॥ નંદ રાયજી કે આંગનમેં, આનંદબજત બધાઈ ॥૬॥ દેખિ મુદિત વૃષભાન ભયે અતિ, ભેટ રુચિસોં લીની ॥ ગદ્ગદ્ કંઠ સબનસોં બોલત, બીથનિ પાવન કીની ॥૭॥ કીરતિ ઢિંગ નિરખી સુઠિ કન્યા, ધન્યા અધિક અપારા । કૌતિકમેં કૌતિક રસ ભીને, બરખત સીસ ધારા ॥૮॥ સબ જગ ધામ ધામ પુનિ જાકો, સેસ, ધામ જાહિ માને ॥ 'નંદદાસ' સુખકો યહ સાગર, પ્રગટી હેં બરસાને ॥૯॥ **卐 卐 રાગ-સારંગ 卐** પ્રગટ્યો સબ જકો શ્રૃંગાર ॥ કીરતિ કૂખિ અવતરી કન્યા, સુંદરતાકો સાર ॥૧॥ નખસિખ રૂપ કહાં લોં બરનોં, કોટિ મદન બલિહાર ॥

'પરમાનંદ' વૃષભાન નંદિની, જોરી નંદદુલાર ॥૨॥ 卐 卐 આજ રાવલમેં જય જય કાર ॥ પ્રગટ ભઈ વૃષભાન ગોપકે, શ્રી રાધા અવતાર ॥૧॥ ગૃહ ગૃહતેં સબ ચલી વેગ દે, ગાવત મંગલ ચાર ॥ પ્રગટ ભઈ ત્રિભુવનકી શોભા, રૂપ રાસિ શુખ સાર ॥૨॥ નિર્તત ગાવત કરત બધાઈ, ભીર ભઈ અતિ દ્વાર ॥ 'પરમાનંદ' વૃષભાન નંદિની, જોરી નંદુદાલર ॥૩॥ 卐

卐 દાન કે પદ 卐

卐 卐 **રાગ-દેવગંધાર** 卐 હમારો દેહો ગુજરેટી ॥ બહુત દિનન ચોરી દધિ બેચ્યો, આજ અચાનક ભેટી ॥૧॥ અતિ સતરાત કહાં ધોં કરેગી, બડે ગોપકી બેટી ॥ 'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર, ભુજ ઓઢની લપેટી ॥૨॥ 卐 卐 મથનિયાં આન ઉતાર ધરી ॥ દાન અટપટો માગત ઢોટા, દુહું કર જોરિ ખરી ॥૧॥ જબ નંદલાલ ચીર ગહિ ઝટક્યો, મનમેં

બહુત ડરી ॥ 'કુંભનદાસ' પ્રભુ દધિ બેચનકી, બિરિયાં જાત ટરી ॥૨॥ 卐 卐 રંચક ચાખન દેરી દહ્યો ॥ અદભુત સ્વાદ શ્રવન સુનિ મોંપે, નાહિન પરત રહ્યો ॥૧॥ જ્યોં જ્યોં કર અંબુજ ઉર ઢાંકત, ત્યોં ત્યોં મરમ લહ્યો ॥૨॥ હરિ હઠ કરત દાસ અચરા ધાય ગહ્યો ॥૨॥ હરિ હઠ કરત દાસ 'પરમાનંદ' મનમેં બહુત સહ્યો ॥ ઈન બાતન ખાયો ચાહત હો, સેત ન જાત બહ્યૌ ॥૩॥ 卐 卐 **રાગ-બિલાવલ** 卐 ભોર હી કાન્હ કરત મોસોં ઝગરો ॥ સબન છાંડિ કરત હઠ મોસોં, નિત ઉઠિ રોકિ રહત હે ડગરો ॥૧॥ ગોરસ દાન સુન્યો નહીં દેખ્યો, કિન લિખિ દિયો દિખાવો કગરો ॥ બિના બહોની છુવન નહીં દેહોં, યહ સબ છિન ખાઓ કિન સગરો ॥૨॥ ચુંબત મુખ ઉર લાવત પકરત, ટેવ ન ગઈ, ઝુકત હી અગરો ॥ 'પરમાનંદ' સયાની ગ્વાલિની, છાંડિ નહીં જો ધરત નહિ પગરો ॥૩॥ 卐 卐 અરી યહ

ઢોટા અતિ જુ છબિલો ॥ માગત દાન ગહત અચરા મેરો, માનત નહીં હઠીલો ॥૧॥ અતિ સુકુમાર હરત મન સબકો, અંગ અંગ અતિ હી રસીલો ॥ 'શ્રી વિઠ્ઠલ' ગિરિધરન રસિક અતિ, રૂપ રાસિ ગરવીલો. ॥૨॥ **卐 卐** ગઢતેં ગ્વાલિન ઉતરી, સીસ મહીકો માટા ॥ આડો કન્હૈયા વ્હે રહ્યૌ, રોકત વ્રજ વધૂ વાટ-નાગરી દાન દે ॥૧॥ કહાંકી હો તુમ ગ્વાલિની, કહા તિહારો નામ, બરસાનોકી ગ્વાલિની, રાધા મેરો નામ-મોહન જાન દે ॥૨॥ વૃંદાવનકી કુજમેં, અચરા પકર્યો દોર ॥ નામ દાનકો લેત હો પ્યારે ! ચાહત હો કછુ ઓર - મોહન૦ ॥૩॥ તુમ અકેલે હમ અકેલી, બાત નહીં કછુ જોગ ॥ તુમ તો ચતુર પ્રવીન હો, કહા કહેંગે લોગ-મોહન૦ ॥૪॥ સંગકી સખી સબ દૂર નિકસી ગઈ, હમ રોકી બન માંઝ ॥ ઘર તો દારુન સાસહે, અબ હોન લગી હે સાંઝ-માંહન૦ ॥૫॥ તુમ ઓઢો હે કામરી

હમ પહેર્યો હે ચીર ॥ ઉમડિ ઘુમડિ આઈ બાદરી, કહાં બરસાવત નીર-મોહન૦ ॥૬॥ પ્રેમ મગન ગ્વાલિન ભઈ, હરિકો દરસન પાય ॥ મુખતેં બચન ન આવહી, સો લગી ઠગોરી જાય- મોહન૦ ॥૭॥ લે મટુકી આગેં ધરી, પરી શ્યામિકે પાય ॥ મન ભાવે સો લીજિયે, પ્યારે ! બસે જો બેચન જાય - મોહન૦ ॥૮॥ સુગ બાઢ્યો આનંદ ભયો, રહી શ્યામ ગુન ગાય ॥ સુંદર શોભા દેખિકે, 'સૂરદાસ' બલિ જાય-મોહન જાન દે ॥ **卐 卐 રાગ-બિલાવલ 卐 દાન કે પદ 卐** હમારે ગોરસ દાન ન હોય-મોહન લાડિલે હો ॥ મહા મત્ત ફિરત ગુવાલ, લાલ હઠ છાંડ દેહો ॥ કબકે તુમ દાની ભયે, કબ હમ દીનો દાન ॥ ગાય ચરાવો બાબા નંદકી, તુમ સુનો અનોખે કાન્હ-મોહન લાડિલે ॥૧॥ હમ દાની તિહું લોકકે, તુમ ચાર્યો જુગકી ગ્વાર ॥ દાન ન છાંડો આપનો, તેરો રાખોં ગહનો હાર-નાગરી લાડિલી૦ ॥૨॥ રતન

જડિત મેરી ઈંડુરિ, હીરા જરિયો હાર ॥ સો તુમ રાખન કહત હો, કમરી કે ઓઢન હાર-મોહન લાડિલે ॥૩॥ બ્રહ્મા તાનોં પૂરિયો, બુનિ બૈઠ મહેશ ॥ સો હમ ઓઢી કામરી, જાકો પારન પાવે શેષ-નાગરી લાડિલી ॥૪॥ ભ્રોંહ નચાવત ચાતુરી, બોલત અટપટે બોલ ॥ મેરો હાર કિરોરકો, તેરી સબગૈયનકો મોલ-મોહન લાડિલે૦ ॥૫॥ યે ગૈયાં તિહું લોક તારની, ચાર્યો જુગ પરમાન ॥ દૂધ દેહિ તિહું લોકકો, તેરો હાર લેહું. દશ દાન-નાગરી૦ ॥૬॥ કાહે કો વાદ કરત હો, કાહે કરત અતિ સોર ॥ જૈસી બાજે તેરી બાંસુરી, મેરે નેવરકી ઘન ઘોર-મોહન૦ ॥૭॥ યા બંસીકી ફુંકર્પે, મેં પર્વત લિયો ઉઠાય ॥ ઢીઠ બહુત યે ગ્વાલિની, ઈનકી મટુકી લેહુ છુડાય-નાગરી૦ ॥૮॥ હમ હિ સુતા વૃષભાનકી, તુમ નંદ મહરકે કાન્હ ॥ પ્રેમ પ્રીતિ રુચિ માનિ લે, અબ જિન કરહુ ગુમાન-મોહન૦ ॥૯॥ વૃંદાવન

ક્રીડા કરી, કીનો રાસ વિલાસ ॥ સુર નર મુનિ જય જય કરે, જન ગાવે 'માધો દાસ' - નાગર ૦ ॥૧૦॥ **卐 卐 રાગ-માલકોસ 卐** મેરી ભરી મુટિકિયાં લે ગયો ॥ આપુન ખાત ગ્વાલિહિં ખવાવત, રીતી કરિ મોહે દે ગયો ॥૧॥ વૃંદાવનકી સઘન કુંજમેં, ઊંચી નીચી મોસોં કહે ગયો ॥ 'પરમાનંદ' વ્રજવાસી સાંવરો, અંગુષ્ટ દિખાય રસ લે ગયો ॥૨॥ **卐 卐 રાગ-આસાવરી 卐** મેં જો ગઈ દધિ બેચન બ્રજમેં, ઉલટ હી આપ બિકાની હો ॥ બિન ગ્રથ મોલ લઈ નંદ નંદન, સર્વસ્વ લિખ દે આઈ હો ॥૧॥ શ્યામ બરન તન રૂપ માધુરી, પીતાંબર કટિ પેચ રી ॥ જબ ગઈ મેં સાંકરી ખોરમેં, ભઈ અચાનક ભેટ રી ॥૨॥ કોનકી ગૃહીણી કોનકી કુલ વધૂ, મધુર મધુર હસ બોલ રી ॥ સકુચ હોય જીય ઉત્તર ન આવે, બલ કરિ ઘુંઘુટ ખોલ રી ॥૩॥ જા દિનતેં વે સુરત નિહારી, ગૃહ

અંગના વિખ લાગે રી ।। ચિતવત ચલત ઔર સોવત બેઠત, યહી ધ્યાન મેરે આગે રી ।।૪।। સાસ નનદ ઉપચાર પચિહારી મર્મ ન કાહુ પાયો રી ।। બૈદ બુલાય ઢંઢોરી નારી, ચિંતા રોગ બતાયો રી ।।૫।। નીલ મણિ મુક્તા હાર દઉં મેં,જો કોઉ શ્યામ બતાવે રી । કહે 'માધો' ચિંતા કેસે મિટે, બિન ચિંતામણિ પાયે રી ।।૬।। 卐 卐 **રાગ-સારંગ** 卐 ગ્વાલિનિ ! મીઠી તેરી છાછિ ।। કહા દૂધમેં મેલિ જમાયો, સાંચી કહો કિન વાછિ ।।૧।। ઔર ભાંતિ ચિતવો તેરો, ભ્રોંહ ચલત હે આછિ ।। એસો ટકઝક કબહુ ન દેખ્યો, તુ જો રહિ કછિ કાછિ ।।૨।। રહસિ કાન્હ કર કુચ ગહિ પરસત, તૂ જો પરત હે પાછિ ।। 'પરમાનંદ' ગોપાલ આલિંગી, ગોપ વધૂ હરિનાછિ (હરિણાક્ષી, કમલનયની) ।।૩।। 卐 卐 કૃપા અવલોકન દાન દે રી, મહા દાન વૃષભાન કુમારી ।। તૃષિત લોચન ચકોર આલિ મેરે, તુમ

વદન ઈન્દુ કિરન પાન દેરી ।।૧।। સબ બિધ સુઘર સુજાન સુંદરી ! સુન બિનતિ મેરી કાન દે રી ।। 'ગોવિંદ' પ્રભુ પિય ચરન પરસ કહે, યાચકકોં તૂ માન દેરી ।।૨।। 卐 卐 આજ દધિ કંચન મોલ લઈ ।। જો દધિકોં બ્રહ્માદિક ઈચ્છિત, સો ગ્વાલન બાંટ દઈ ।।૧।। દધિકે પલટે દુલરિ દીની, જસુમતી ખબર ભઈ ।। પરમાનંદદાસકો' ઠાકુર, બરવટ પ્રીતિ નઈ ।।૨।। 卐 卐 આજ દધિ દેખું તેરો ચાખ । કહે રી મોલ કિતે બેચેગી, સત્ય બચન મુખ ભાખ ।૧।। જોમાગેગી સોઈ દેહોં, સંગ સખા સબ સાખ । જો ન પત્યાઈ ગ્વાલિન હમસોં, કંઠસરી લે રાખ ।।૨।। લે જુ ચલે ઘર દામ દેન કોં, ચિતયે નયન કટાક્ષ । 'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર, સર્વસ્વ દિયો તતાક્ષ (તત્ક્ષણ-તરત જ) ।।૩।। 卐 卐 **રાગ - ટોડી** 卐 તે કહું દેખ્યો રી આલિ ! નંદનંદન કુંવર કાન્હા । મટુકી ઝટક્કે પટક ગયો રી ।।૧।। માખન

ચોર ચોરી ચિત્ત લીનો, કીનો ન નેક હુ ડર । નટ જો ઉલટકે પલટ ગયો રી ॥૧॥ મારગ રોકિ રહત ખોરનમેં, નેને સેન દે સટક ગયો રી ।'તાનસેનકે' પ્રભુ તુમ બહુ નાયક, રસ ગોરસ લે સટક ગયો રી ॥૨॥ 卐 卐 **રાગ-નટ** 卐 દાન માગત હી મેં આન કછુ કિયો । ધાય લઈ મટુકિયાં આય કર સિસતેં । રસિકવર નંદ સુત રંચ દધિ પિયો ॥૧॥ છૂટિ ગયો ઝગરો હરિ મંદ મુસિક્યાનમેં । તબહી કર કમલસોં, પરસિ મેરો હિયો ॥૨॥ 'ચતુર્ભુજદાસ' નયનનસોં નયન મિલે । તબહી ગિરિરાજધર ચોરિ ચિત્ત લિયો ॥૨॥ 卐 卐 આજ મેરી વૃંદાવનમેં દધિ લૂંટી । કહાં મેરો હાર કહાં નક વેસર, કહાં મોતિનકી લર તૂટી ॥૧॥ બરજ જસોદા અપને મોહન-કાં, ઝકઝોરતમેં મટુકી ફૂટી । 'સૂરદાસ' પ્રભુકે જુ મિલનકોં, સર્વસ દે ગ્વાલિની છૂટી ॥૧॥ 卐 卐 **રાગ-ગોરી** 卐 અહો બિધના તોપે

અચરા પસારિ માગોં, જન્મ જન્મ દીજે મોહિ યાહિ બ્રજ બસવો । અહીરકી જાતિ સમીપ નંદ ગૃહ, ઘરી ઘરીન શ્યામ હેરિ હેરિ હસવો ॥૧॥ દધિકે દાનમિસ બ્રજકિ બિથનિમેં, ઝક ઝોરન અંગ અંગકો પરસવો । 'છિત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, સરદ રેન રસ રાસકો વિલસવો ॥૨॥ 卐 卐 **રાગ-કાન્હરો** 卐 કહા પર ઢોટા નયન નચાવત, કો હે તિહારે બાબાકી ચેરી । ગોરસ બેચન જાત મધુપુરી, આય અચાનક બનમેં ઘેરી ॥૧॥ સેનન દે સરકાયે સખા સબ, બાત હી બાત સમસ્યા ફેરી । જાય પુકારૂં નંદ જુકે આગેં, જિન કોઉ છુઓ મટુકિયાં મેરી ॥૨॥ ગોકુલ બસિ તુમ ઢીઠ ભયે હો, બહુત હી કાન કરત હું તેરી । 'પરમાનંદ' દાસકો ઠાકુર, બલ બલ જાઉં શ્યામઘન કેરી ॥૩॥ 卐 卐 **પરસ્પરનો સંવાદ છે.** 卐 તૂ કો હે હો ? - વ્રજ રાજ કુમાર । કહા કહત હો ? - દાન

માગત હોં । કાહે કો ? -તેરે ગોરસકો ॥૧॥ કબતેં લાગત ?- જબતેં તૂ દે । યામેં કહા સુખ ? - તેરે દરસકો ॥૨॥ યહ ન ભલી ! - ભલી સોઈ કહાં । પરસ ન કરો ! - કર હોં રસ બસકો ॥૩॥ 'રસિક પ્રીતમ પ્રિય બચન ચાતુરી । આતુરી કરિ લીની, ભાવત અંગ પરસકો ॥૪॥ **卐 卐 રાગ - બિહાગ 卐 દૃષ્ટકૂટ-પદ 卐** તોઉ ન ગોરસ છાંડ દયો ચહું ફલ ભવન (વનમાં) ગહ્યો સારંગ રિપુ (પાલવ) વાજિધુરા અથયો (સૂર્ય આથમી ગયો) કુમુદિની પ્રફુલ્લિત, હોં જિય સકુચિ । ચલે મૃગ, ચંદ ઉદયો (ગોપી પોતાની સખી પ્રતિ, પોતાના અનુભવને વર્ણવે છે) ॥૨॥ અમી વચન રુચિ રચિત માધુરી ઝગરો ફેરિ ઠયો ॥૩॥ જાનિ નિશા શશિ રૂપ વિલોક્ત, નવલ કિશોર ભયો ॥ તબતેં 'સૂર' નેક નહિ છૂટત, મન અપનાય લયો ॥૪॥ **卐 卐 રાગ-બિહાગ 卐** કબે મોય મિલે દધિકે ચોર । લે રાખોં

કુચ બિચ નિરંતર, જહાં નિપટ સાંકરી ખોર । ચુમન કપોલ અધર દઉં દશનન, વેસરકી ઝકઝોર ॥૧॥ 'પરમાનંદ' આય ગયે મોહન, ગ્વાલિન હસી મુખ મોર । અબ મોય મિલે દધિકે ચોર ॥૨॥ **卐 卐 રાગ-ઠુમરી 卐** તનકે દહીં પ્યા જા રી, તનક દહીં પ્યાજા । હે રાધે પ્યારી, તનક દહીં પ્યાજા ॥૧॥ તૂ સુંદર, તેરી મટુકી હુ સુંદર, ખાટો મીઠો ચખા જા ॥૨॥ હાર હમેલ ગલ મોતિન માલા, ઘુંઘટમેં મુસિકા જા ॥૩॥ 'પુરૂષોત્તમ' પ્રભુકી છબિ નિરખત । કજરેકી રેખ દિખા જા-તનક દહીં પ્યાજા ॥૪॥ **卐 શ્રી વામનજી કે પદ 卐 卐 રાગ-ધનાશ્રી 卐** હરિકો વામન રૂપ બનાયો । નંદરાય યહ માની જયંતી, ઉબટિ સુગંધિ ન્હવાયો ॥૧॥ સિર કિરીટ પીતાંબર કાછન, આભૂષન બહુ ભાઁતિ । જન્મ સમય સુનિ સુનિ ગૃહ ગૃહતેં, આઈ જુરી જુરી પાઁતિ ॥૨॥ કહત સબેં સિંગાર સલોનો,

નિતપ્રતિ દૂનો નેહૂ । 'દ્વારકેશ' પ્રભુ જાચક વ્હે કે કહ્યો, બલિ દીનો તૂ દેહૂ ॥૩॥ 卐 卐 રાગ-સારંગ 卐 બલિ રાજાકો સમર્પન સાચો । બહુત કહ્યો ગુરૂ શુક્ર દેવતા, મન દૃઢ આપ નહીં કાચો ॥૧॥ યજ્ઞ કરત જાકે કારન, સો પ્રભુ આપન જાચ્યો । 'પરમાનંદ' પ્રસન્ન હરિ જો, જનકો જાનત સાંચો ॥૨॥ 卐 **સાંઝી કે પદ** 卐 卐 **રાગ-જંગલો** 卐 અરી તુમ કોન હોરી, બનમેં ફુલવા બીનન હારી, અરી । રતન જટિતકો બન્યો બગીચા, ફુલ રહી ફુલવારી, અરી ॥૧॥ કૃષ્ણ ચંદ બનવારી આયે, મુખ કયોં ન બોલત સુકુમારી, અરી । તુમ તો નંદ મેહેરકો ઢોટા, હમ વૃષભાન દુલારી, અરી ॥૨॥ યા બનમેં હમ સદા બસત હે, હમકી કરત રખવારી, અરી । બિન બૂઝે બિન બિનત ફુલવા, જોબન મદ મતવારી, અરી ॥૩॥ તબ લલિતા એક મતો ઉપાયો, સેન બતાઈ પ્યારી, અરી । 'સૂરદાસ' પ્રભુ

રસ બસ કીને, વિરહ વેદના ટારી, અરી ॥૪॥ 卐 卐 **રાગ-ગોરી** 卐 મુરલી વારે સાંવરે ! નેક, મારગ મોહિ બતાવ રે । સંગ ન સહેલી, ફિરોં અકેલી, કિત નંદીસુર ગાંવ રે ॥૧॥ ભૂલી પરી સંકેત સઘન બન, હોં અબલા કિત જાઉંરી । મૃગ નયની કે બચન સુનત હી, આય મિલે તિહિં ઠાંઉ રી ॥૨॥ મારગ મિલે અંક ભર ભેટે, ભલો બન્યો હે દોઊ રી । કહે 'ભગવાન' હિત રામરાય પ્રભુ, રાધા રવન જાકો નાઉં રી ॥૩॥ 卐 卐 **રાગ-જંગલો** 卐 ગઈ રી હોં તો ફુલવા બીનનકો । નંદ ગામકી ગેલ બિસરી ગઈ, પાઈરી અચાનક પાઈ રી ॥૧॥ ચલ રી સખિ વૃંદાવન જઈ યે, ફુલનકી સરસાંઈ રી । 'શ્રી હારિદાસકી' સ્વામિની રાધે, સાંઝી ભલી બનાઈ રી ॥૨॥ 卐 卐 **રાગ-ગોરી** 卐 **સખી ભેખ કે પદ** 卐 રાધા પ્યારી કહ્યો સખિન સોં, સાંઝી ધરો રી માઈ ॥ બિટિયાં બહુત અહીરનકી મિલી, ગઈ જહાં ફુલ

અથાઈ ॥૧॥ યહ બાની જાની મન મોહન, કહ્યો સબન સમુઝાઈ । ભૈયા બછરા દેખે રહિયો, નૈમૈયા છાક ધરાઈ ॥૨॥ એસે કહે ચલે શ્યામ સુંદર વર, પહોંચે જહાં સબ આઈ । સખી રૂપ વ્હે મિલિ લાડિલી, ફુલ લિયે, હરખાઈ ॥૩॥ કરસોં કર રાધા સંગ શોભિત, સાંઝી ચિતી જાય । ખટ રસકે વ્યંજન અરપે તબ, મન અભિલાખ પુજાય ॥૪॥ કીરતિ રાની લેત બલૈયાં, વિધિસોં વિનય સુનાય । સૂરદાસ અવિચલ યહ જોરી, સુખ નિરખત ન અઘાય ॥૫॥ 卐 卐 પ્યારી સંગ લિયે રાધિકા, બિનત કુસુમ બન માંહ હો । સાંઝી પૂજનકોં અતિ આતુર, ઠાડે કદંબકી છાંહ હો ॥૧॥ સખી ભેખ દે મોહન કોં તે, ચલી આપુને ગેહ હો । પૂછ્યો કીરતિ . “યહ કો સુંદરિ ?” તબ કહ્યો. મેરી સનેહિ હો ॥૨॥ સાંઝી ખેલિ સબન કોં બિદા કર, દોઉ પોઢે સેજ મંઝાર હો । સગરી રાતિ ‘સૂર’ સ્વામીં બસિ સુખ લૂટ્યો જુ અપાર હો ॥૩॥ 卐

卐 નવ રાત્રિ કે નવ વિલાસ કે પદ 卐

卐 પ્રથમ (પહેલો) વિલાસ 卐 રાગ-માલવ 卐

પ્રથમ વિલાસ કિયો શ્યામા જુ, કીનો વિપિન વિહાર જૂ । ઉનકે બિધકી શોભા બરનોં, કહત ન આવે પાર જૂ ॥૧॥ વાકે યૂથકી ગણના નાહીં, નિર્ગુણ ભક્ત કહાવે । વાકી સંખ્યા કહત ન આવે, શેષ હૂ પાર ન પાવે ॥૨॥ ઘોષ ઘોષ પ્રતિ ગલિન ગલિન પ્રતિ, રંગરંગ અંબર સાજે । કિયો શૃંગાર નખ સિખ અંગ યુવતી, જ્યોં કરિણી મધ્ય રાજે ॥૩। બહુ પૂજા લે ચલી વૃંદાવન, પાન ફૂલ પકવાનેં । તાકે યૂથ મુખ્ય ચંદ્રાવલી, ચંદ્ર કલાસી વાને ॥૪॥ પહોંચી જાય નિકુંજ ભવનમેં, દરસી વૃંદા દેવી । તાકે પદ વંદન કરિ માગ્યો, શ્યામ સુંદર વર એવી ॥૫॥ તિહિં છિનું પ્રભુજી આપ પધારે, કોટિક મન્મથ મોહે । અંગ અંગ પ્રતિ રૂપ રૂપ પ્રતિ ઉપમા રવિ શશિ કો હે ॥૬॥ દ્વે જુગ જામ શ્યામ શ્યામા સંગ, કેલિ

વિવિધ રંગ કીને । ઉઠત તરંગ રંગ રસ ઉછલિત, દાસ રસિક રસ પીને ॥૭॥ **卐 卐 દ્વિતીય (બીજો વિલાસ 卐 રાગ-માલવ 卐** દ્વિતીય વિલાસ કિયો શ્યામ જુ, ખેલ સમસ્યા કીની । તાકી મુખ્ય સખી લલિતા જુ, આનંદ મહા રસ ભીની ॥૧॥ ચલી સંકેત વિહાર કરન, બલિ પૂજા સાજિ સંપૂરન । બહુ ઉપહાર ભોગ પાયસ લે, બાહ હલાવત મૂરન ॥૨॥ મંદિર દેવી ગાન કરત જસ, આય મિલે ગિરિધારી । મનકો ભાયો ભયો સબનકો, કામ વેદના ટારી ॥૩॥ શ્યામાકો શૃંગાર શ્યામકો, લલિતા નીવિ ખોલી । લીલા નિરખત દાસ 'રસિકજન', શ્રીમુખ શ્યામા બોલી ॥૪॥ **卐 卐 તૃતીય (ત્રીજા) વિલાસ 卐 રાગ-માલવ 卐** તૃતીય વિલાસ કિયો, શ્યામા જુ પ્રવીન । ખેલનકો ઉત્સાહ સખી એકત્ર કીન ॥૧॥ તિનમેં મુખ્ય સખી, વિશાખા જુ એન । ચલી નિકુંજ મહલમેં, કોકિલા જ્યોં બેન ॥૨॥ ભોગ ધરી સંવાર, બાસોંધી સની । કુસુમ રંગ અનેક, ગુહિ કામિની ॥૩॥ ગાન સ્વર કિયો, વનદેવી વિહાર । નવ ત્રિયાકો વેષ, કોટિ કામ વાર ॥૪॥ ઢિંગ આસન કરાય, પ્યારીકોં બેઠાય । દોઉ એકત્ર કીને, નિરખત લેત બલાય ॥૫॥ યહ લીલાકો ધ્યાન, મમ હૃદય ઠહરાય । દેખત સુર નર મુનિ ભૂલિ, 'રસિક' બલ બલ જાય ॥૬॥ **卐 卐 ચતુર્થ (ચોથો) વિલાસ 卐** રાગ-માલવ 卐 ચોથો વિલાસ કિયો શ્યામા જુ, પરાસોલી બન માંહી । તાકે વૃક્ષ લતા દ્રુમ વેલિ, તન પુલકિત આનંદ ન સમાઈ ॥૧॥ ચંદ્રભાગા મુખ્ય યૂથાવલી, અપની સખી સબ ન્યોતિ બુલાઈ । ખરમંડા જલેબી લડુવા, પ્રત્યેક અંગકો ભાવ જનાઈ ॥૨॥ સાજ કિયો પૂજન દેવીકો, બહુ ઉપહાર ભેટ લે આઈ । ખેલન ચલી બની તિંહિ શોભા, જ્યોં ઘનમેં ચપલા ચમકાઈ ॥૩॥ પહોંચી જાય દરસ દેવી તબ, વ્હે

ગયે શ્યામ કિશોર કન્હાઈ । મનકોં ચિંત્યો ભયો લાલનકો, હાસ વિલાસ કરત કિલકાઈ ॥૪॥ શ્યામા શ્યામ ભુજ ભર ભેટે, તૃણ તોરત ઔર લેત બલાઈ । કહી ન જાય શોભા તા સુખકી, કુંજન દુરે 'રસિક' નિધિ પાઈ ॥૫॥ **卐 卐 પંચમ (પાંચમો) વિલાસ 卐 રાગ-માલવ 卐** પાંચો વિલાસ કિયો શ્યામા જુ, કદલી વન સંકેત । તાકી સખી મુખ્ય સંજાવલી, પિયા મિલન કે હેત ॥૧॥ ચલી રલી ઉમગિ યુવતી સબ, પૂજન દેવી નિકસી । ધૂપ દીપ ભોગ સંજાવલી, કમલ કલી સી વિકસી ॥૨॥ આનંદ ભર નાચત ગાવત વધૂ, રસમેં રસ ઉપજાતી । મંડલમેં હરિ તત છિન આયે, હિલ મિલ ભયે એક પાઁતી ॥૩॥ દ્વે જુગ જામ શ્યામ શ્યામા સંગ, ભામિની યહ રસ પીનો । ઉનકી કૃપા દૃષ્ટિ અવલોકત, 'રસિકદાસ' રસ ભીનો ॥૪॥ **卐 卐 ષષ્ઠ (છઠ્ઠો) વિલાસ 卐 રાગ-માલવ 卐** છઠો

વિલાસ કિયો શ્યામા જુ, ગોધન વનકોં ચલી ભામા જૂ । પહેરે રંગ રંગ સારી, હાથન પૂજન થારી । તાકી મુખ્ય સહચરી રાઈ, ખેલનમેં બહુત સુઘરાઈ ॥૧॥ ચલી બન બન બિહસિ સુંદરી, હાર કંકન જગમગે । આઈ મંદિર પુજન દેવી, ભોગ સિખરન સગમગે ॥૨॥ તા સમે પ્રભુ આપ પધારે, કોટિ મન્મથ મોહ હી । નિરખિ સખિયન કમલ મુખ માનો, નિર્ધન ધન જો સોહ હી ॥૩॥ ખેલકો આરંભ કીનો, રાધા માધો બિચ કિયે । વાકી પરછાંઈ ભરી તબ, 'રસિક' ચરનન ચિત દિયે ॥૪॥ **卐 卐 સપ્તમ (સાતમો) વિલાસ 卐 રાગ-માલવ 卐** સાતો વિલાસ કિયો શ્યામા જુ, ગહવર વનમેં મતો જુ કીન । મુખ્ય કૃષ્ણાવતી સહચરી, લઘુ લાઘવ અતિહી પ્રબીન ॥૧॥ વન દેવી હે ગુંજા, કુંજા, પહોપન ગુહી સુમાલ । ચંદ્રાવલી પ્રમુદિત વિહસત મુખ, મુખ જ્યોં મુનિયા લાલ ॥૨॥ રચ્યો ખેલ દેવી ઢિંગ

